# કૃષિ વિચાર

વર્ષ : 1 | અંક નં : 6 | એપ્રિલ 2024

ગુજરાત સ્ટેટ કૉ-ઑપરેટીવ એગ્રીકલ્ચર ઍન્ડ રૂરલ ડેવલપમેન્ટ બૅન્ક

## ભારતમાં ઓર્ગેનિક પ્રોડક્ટ્સની નિકાસ રૂ. 70,000 કરોડને પાર પહોંચાડવાનું લક્ષ્ય



# બૅન્કના કાર્યવાહક મંડળના સદસ્યશ્રીઓ



શ્રી ડૉલર કોટેચા
ચૅરમૅનશ્રી



શ્રી જીવણભાઈ બી. આહિર
વાઇસ ચૅરમૅનશ્રી



શ્રી જેઠાભાઈ જી. ભરવાડ
ડે. સ્પીકર



શ્રી અનિરુદ્ધભાઈ બી. દવે
MLA



શ્રી બ્રિજરાજસિંહ એચ. જાડેજા



શ્રી જશાભાઈ બી. બારડ



શ્રી ફલજીભાઈ ગેમરભાઈ પટેલ



શ્રી ગોવાભાઈ એચ. દેસાઈ



શ્રી મંગળસિંહ આર. પરમાર



શ્રી કાનભા એફ. ગોહિલ



શ્રી કિશોરસિંહજી કે. ગોહિલ



શ્રી વીરજીભાઈ કે. ઠુંમ્મર



શ્રી હરદેવસિંહ ટી. જાડેજા



શ્રી નટવરસિંહ એસ. મહીડા



શ્રી ગણપતસિંહ બી. સોલંકી



શ્રી સુરેશભાઈ ડી. પટેલ



શ્રી રામજીભાઈ એચ. ચૌધરી



શ્રી જિગ્નેશકુમાર એન. ઠાકોર



શ્રી કમલ શાહ IAS રજિસ્ટ્રારશ્રી
સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય



શ્રી બી. કે. સીંઘલ
ચીફ જનરલ મેનેજરશ્રી નાબાર્ડ



શ્રી કે. બી. ઉપાધ્યાય
IAS(Retd)મૅનેજિંગ ડિરેક્ટરશ્રી



શ્રી વી. એમ. ચૌધરી
જૉઇન્ટ મેનેજિંગ ડીરેક્ટરશ્રી



# કૃષિ ક્ષેત્રની કાયાપલટ કરવા માટે જમીન-આસમાન એક કરી રહ્યું છે ભાજપ: વડાપ્રધાન મોદી





વર્ષ 2014માં દેશની ધુરા સંભાળ્યા બાદ ભાજપ સરકારે કૃષિ ક્ષેત્રના કાયાકલ્પ માટે અનેક પ્રયાસો આદર્યા છે. તેમાં ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન (FPO)ની રચનાને પ્રોત્સાહન, અલગથી સહકારિતા ખાતાની રચના અને સહકાર ક્ષેત્રના ડિજિટાઈઝેશન જેવી અનેક પહેલનો સમાવેશ થાય છે. આગામી સમયમાં પણ ખેડૂતોનું જીવનધોરણ સુધરે અને તેમની આવકમાં સતત વધારો થાય તે માટે ભાજપ સરકારે પ્રયત્નશીલ રહેવાનો વાયદો કર્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્ણાટકના બેલાગાવીમાં ચૂંટણી પ્રચારમાં જનમેદનીનું સંબોધન કરતા જણાવ્યું હતું કે "આપણો દેશ નાના ખેડૂતોનો દેશ છે. આથી કૃષિ ક્ષેત્રની કાયાપલટ કરવા માટે એ ખૂબ જરૂરી છે કે આપણે નાના ખેડૂતોની સંગઠન શક્તિને એકજુટ કરીએ. આ માટે જ ભાજપ-એનડીએ સરકાર FPO, સેલ્ફ હેલ્પ ગ્રુપ અને કોઓપરેટિવ્ઝ એ ત્રણે પર ભાર આપી રહી છે."

ઉલ્લેખનીય છે કે ભાજપના શાસન બાદ દેશમાં 8000 નવા FPO બન્યા છે. તેઓ ઈન્પુટ કોસ્ટ ઓછી કરીને ખેડૂતોને સારો માર્કેટ રેટ અપાવવામાં મોટી ભૂમિકા ભજવી રહ્યા છે. છેલ્લા 10 વર્ષમાં 10 કરોડ મહિલાઓ પણ સેલ્ફ હેલ્પ ગ્રુપમાં શામેલ થઈ છે. આવી મહિલાઓ કેન્દ્ર સરકારે લાખો કરોડો રૂપિયાની આર્થિક મદદ કરી છે. આ ઉપરાંત પેક્સને મજબૂત કરવા માટે પણ સરકાર સતત કાર્યશીલ રહી છે. અત્યાર સુધીમાં સરકારે 60,000થી વધુ પેક્સના કમ્પ્યુટરાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ કરી દીધી છે.

આ ઉપરાંત NDA સરકાર શુગર કો-ઓપરેટિવ્ઝને પણ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. સરકારે પેટ્રોલ અને ઈથેનોલ બ્લેન્ડિંગને પ્રોત્સાહન આપીને શેરડીના ખેડૂતોની મોટી મુશ્કેલી સરળ કરી દીધી છે. ઈથેનોલ બ્લેન્ડિંગને કારણે શેરડીના ખેડૂતોને 70,000 કરોડથી વધુની આવક થઈ છે. તેમને એરિયર્સ મેળવવા માટે શુગર મિલ પર મદાર બાંધવો પડતો નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સંબોધનમાં એમ પણ જણાવ્યું કે કોંગ્રેસે ખેડૂતો સાથે વિશ્વાસઘાત કરીને મોટું પાપ આચર્યુ છે. ભાજપ સરકારે ખેડૂતોના બેન્ક એકાઉન્ટમાં 10,000 રૂપિયા જમાકરાવ્યા છે. કોંગ્રેસે ખેડૂતોને 4000 રૂપિયા પણ આપવાના બંધ કરી દીધા છે. વોટ મળી ગયા પછી ખેડૂતનું કામ ખેડૂત જાણે તેવો અભિગમ કોંગ્રેસનો રહ્યો છે. બીજી બાજુ, ભાજપ સરકાર જે 6000 રૂપિયા ખેડૂતોને મોકલે છે તે સીધા ખેડૂતોના ખાતામાં જમા થાય છે. તેમણે વધુમાં જણાવ્યું કે આગામી સમયમાં પણ PM કિસાન સમ્માન નિતિ અંતર્ગત ખેડૂતોને આ રીતે જ પૈસા મળતા રહેશે તેવું આશ્વાસન તેમણે આપ્યું હતું.









# અમદાવાદમાં ભવ્ય સહકાર સંમેલનનું આયોજન, મોટી સંખ્યામાં સહકારી આગેવાનોની ઉપસ્થિતિ

ગુજરાત ભાજપ સહકારિતા સંયોજક બિપીનભાઈ પટેલ ગોતા તથા તેમની ટીમ દ્વારા લોકસભાની ચૂંટણી પૂર્વે અમદાવાદ-મહેસાણા હાઈવે પર અડાલજ પાસે ત્રિમંદિર ખાતે સહકાર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સહકારથી સમૃદ્ધિના સૂત્ર સાથે યોજાયેલા આ સંમેલનમાં ભાજપના અગ્રણી નેતાઓ અને ગુજરાતના સહકાર ક્ષેત્રના અગ્રણીઓએ હાજરી પૂરાવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ ઉપરાંત સહકાર ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ખેતી બેન્કના ચેરમેન ડોલર કોટેચા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ અધ્યક્ષે ઉપસ્થિત મેદનીને સંબોધન કર્યું હતું.


આ પ્રસંગે ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે સહકારિતા શબ્દને ખરા અર્થમાં સાર્થક વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યો છે. તેમણે જણાવ્યું કે દેશમાં જ્યારે ગાંધીજીએ અસહકાર આંદોલનની હાકલ કરી ત્યારે પણ ગુજરાત અગ્રેસર હતું, અને આજે સહકારિતાના આંદોલનમાં પણ ગુજરાત મોખરે છે. આઝાદીના સમયમાં જેમ ગુજરાતની ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની જોડી કેન્દ્રમાં હતી, તે રીતે આજે નરેન્દ્ર મોદી અને અમિત શાહની જોડી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આખા દેશમાં માત્ર ભાજપ જ એક એવી પાર્ટી છે જે 'નેશન ફર્સ્ટ'ના મંત્ર સાથે ચાલી રહી છે. અર્થાત્, પાર્ટીના હૈયે પ્રજાનું હિત સૌથી પહેલા વસેલું છે. ભૂપેન્દ્ર પટેલે તેમના સંબોધનમાં જણાવ્યું કે ભાજપ સત્તા પર રહેશે તો ભ્રષ્ટાચાર સામે કડક કાર્યવાહી થશે, મોંઘવારી અંકુશમાં રહેશે, દેશના શત્રુઓના હૃદયમાં ડર રહેશે, રોકાણ અને નોકરીની તકો સતત વધતી રહેશે, ભારતનું અર્થતંત્ર મજબૂત બનશે અને દેશમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ થતું રહેશે. ભાજપની સરકારે દરેક યોજનાનો લાભ તેના લાભાર્થી સુધી જ પહોંચે તે માટે પણ વિશેષ પગલા લીધા હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે દેશમાં સહકારિતા માટે સારુ વાતાવરણ ઊભું થઈ રહ્યું છે. આ પહેલી વખત એવું બન્યું છે કે સતત ત્રીજી વખત એક સ્પષ્ટ બહુમતિ સાથે પ્રજા નરેન્દ્ર મોદીની સાથે છે. તેમણે તેલંગણાનું ઉદાહરણ ટાંકતા કહ્યું કે દક્ષિણના રાજ્યોમાં પણ વડાપ્રધાન મોદીની પ્રશંસા થઈ રહી છે અને સમગ્ર દેશની જનતાને ભાજપ અને તેના વિકાસ કાર્યો પર પૂરો ભરોસો છે.

ભાજપના ગુજરાતના પ્રમુખ સીઆર પાટીલે પણ સહકાર સંમેલનમાં જનમેદનીને સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું કે તેમણે જ્યારે ભાજપનું અધ્યક્ષ પદ સંભાળ્યું ત્યારે સહકાર ક્ષેત્રમાં કામ સરખુ ન થતું હોવાની ફરિયાદ હતી. આથી સહકાર ક્ષેત્રે પાર્ટીએ વિશેષ રસ લીધો હતો અને સુધારા માટે એક પછી એક મેન્ડેટ આપવાના શરૂ કર્યા હતા. તેનાથી સહકારી ક્ષેત્રે સક્રિય ભાજપના તમામ જૂથમાં એકતા આપી. વળી, ખોટમાં ચાલતા સહકારી એકમોને સુધારા પર લાવવાનું કામ સાર્થક થયું છે.

## અમદાવાદમાં મળેલું સહકાર સંમેલન 'ન ભૂતો ન ભવિષ્યતિ' સમાનઃ જગદીશ વિશ્વકર્મા


ગુજરાતના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ સહકાર સંમેલનમાં પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે અમદાવાદમાં મળેલું આ સંમેલન 'ન ભૂતો ન ભવિષ્યતિ' એટલે કે અગાઉ ક્યારેય જોવા ન મળ્યું હોય તેવું અને ભવિષ્યમાં કદાચ ક્યારેય ફરી જોવા નહિ મળે તેવું ભવ્ય છે. ઉલ્લેખનીય છે કે આ સંમેલનમાં કચ્છ, છોટા ઉદેપુરથી માંડીને સમગ્ર રાજ્યમાંથી 10,000 કરતા પણ વધુ સહકાર ક્ષેત્રના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. જગદીશ વિશ્વકર્માએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું, "સમગ્ર સહકાર ક્ષેત્ર એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ તથા સહકારિતા મંત્રી અમિત શાહના પરિવારના સદસ્યની જેમ ભેગું થયું છે. અહીં ઉપસ્થિત 10,000 લોકો પોતાના બૂથને પણ સંભાળી લે તો ગુજરાતની 26 એ 26 લોકસભા સીટ 5 લાખ વોટના માર્જિનથી જીતવાનું વડાપ્રધાન અને ગૃહમંત્રીનું સપનું પૂરું થશે." તેમણે એમ પણ જણાવ્યું કે આજે દેશને વિકાસની દિશામાં આગળ વધારવા અને ભારતીયોના સપના પૂરા કરવા વડાપ્રધાન મોદી, અમિત શાહ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર પાટિલ 18થી 20 કલાક નિરંતર કામ કરી રહ્યા છે. 1 બૂથમાં 1000 લોકો પણ ગણી લઈએ તો સહકાર ક્ષેત્રના નેતાઓ તેમના બૂથમાં જંગી મતદાન થાય તેની ખાતરી કરે તો સહકાર સંમેલનમાં ઉપસ્થિત જનમેદનીમાંથી જ 1 કરોડથી વધુ મતદાન થાય તેવી જંગી ક્ષમતા છે. તેમના વક્તવ્યમાં તેમણે એ પણ જણાવ્યું હતું કે ભાજપ અને તેમના શાસન હેઠળ સહકાર ક્ષેત્ર હવે આ પ્રકારના માઈક્રો પ્લાનિંગ સાથે આગેકૂચ કરી રહ્યું છે. તેમણે સહકાર ક્ષેત્રના વડાઓને તેમના વિસ્તારમાં લોકોને સવારના 7થી 10ના ઠંડા પહોરમાં મતદાન કરવા સમજાવવાની પણ હાકલ કરી હતી.



## રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાતના ભાજપના પ્રમુખ સીઆર પાટીલે જનમેદનીને કરેલા સંબોધનમાં મોદી-શાહની જોડીના વખાણ કર્યા



સીઆર પાટીલે આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી હતી. તેમણે તેમની વિશેષતા જણાવતા કહ્યું કે, "અત્યાર સુધીના વડાપ્રધાન સંગઠનની પસંદગીથી બનતા હતા. 2014માં નરેન્દ્ર મોદીએ ચૂંટણી પહેલા જ પોતાને વડાપ્રધાન પદના દાવેદાર તરીકે જાહેર કર્યા હતા. આ જાહેરાત બાદ તેઓ વડાપ્રધાન બન્યા અને અત્યાર સુધી આ પદ સંભાળી રહ્યા છે." તેમણે જણાવ્યું કે પક્ષને વિજયી બનાવવામાં સહકાર ક્ષેત્રનો ફાળો મહત્વપૂર્ણ છે કારણ કે સહકાર અને સરકારના મનમેળને કારણે જ ભાજપ ગુજરાતમાં 26માંથી 26 બેઠક જીતી શકી હતી. તેમણે એ પણ વિશ્વાસ જતાવ્યો હતો કે આગામી દિવસોમાં ભાજપના નેતૃત્વમાં દેશનું અર્થતંત્ર 11મા ક્રમેથી પાંચમા ક્રમે પહોંચી જશે. આ પ્રસંગમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાતના ભાજપ અધ્યક્ષ સીઆર પાટીલે સહકારી સંસ્થાઓને તેમના ક્ષેત્રની મહિલાઓનું મતદાન વધારવા પ્રયત્ન કરવાની હાકલ કરી હતી. રાજ્યના સહકાર મંત્રી જગદીશ પંચાલે સહકાર ક્ષેત્રમાંથી મોટા પાયે મતદાન કરવા માટે અપીલ કરી હતી. આ સંમેલનની ભવ્ય સફળતા માટે બિપીનભાઈ પટેલ ગોતાએ ગુજરાતની સહકાર ક્ષેત્રની સંસ્થાઓ અને કાર્યકર્તાઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.



# ભારતમાં ઓર્ગેનિક પ્રોડક્ટ્સની નિકાસ રૂ. 70,000 કરોડને પાર પહોંચાડવાનું લક્ષ્ય

સહકાર ક્ષેત્રનો બહોળો અનુભવ ધરાવતા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને સહકારિતા મંત્રાલયનું સંચાલન સોંપાયા બાદ સહકાર ક્ષેત્રે એવા અનેક પરિવર્તન જોવા મળ્યા છે જે નજીકના ભવિષ્યમાં ભારતીય કૃષિ ક્ષેત્રની અનેક સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરશે. તેનું એક મોટું ઉદાહરણ ત્રણ નવી સહકારી મંડળી NCOL, NCEL અને BBSSLની રચના છે. આ ત્રણ સંસ્થાઓ ભારતમાં કૃષિ ક્ષેત્રની અનેક સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરશે. આ ઉપરાંત ઓર્ગેનિક ખાદ્યપદાર્થો અને કૃષિ ઉત્પાદનોની નિકાસને પ્રોત્સાહન આપીને ખેડૂતની આવકમાં વધારો કરવામાં પણ મદદરૂપ બનશે.


કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે માર્ચ મહિનામાં NCOL (નેશનલ કોઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ), NCEL (નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ લિમિટેડ) અને BBSSL (ભારતીય બીજ સહકારી સમિતિ લિ)ના નવા બિલ્ડિંગનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે અમિત શાહે ખેડૂતોને રાસાયણિક ખાતરને બદલે જૈવિક ખાતર અને પ્રાકૃતિક ખેતીને અપનાવવા પણ હાકલ કરી હતી.

ભારત સરકારનું વિઝન છે કે આગામી પાંચ વર્ષમાં દરેક જિલ્લામાં ઓર્ગેનિક ફાર્મ અને પ્રોડક્ટ્સને પ્રમાણિત કરવા માટે એક પ્રયોગશાળા હશે. હાલમાં આવી લેબોરેટરીની ઓછી સંખ્યાને કારણે ઓર્ગેનિક સર્ટિફિકેટ લેવા માટે ખેડૂતોએ કાં તો દૂર સુધી જવું પડે છે અથવા તો વધારે રાહ જોવી પડે છે. વધારે એકમો સ્થપાતા ઓર્ગેનિક સર્ટિફિકેશન મેળવવાની પ્રક્રિયા ઝડપી બનશે. NCOLનું મુખ્ય ધ્યેય દેશના ખેડૂતોને ઓર્ગેનિક ફાર્મિંગ માટે પ્રોત્સાહન આપવાનું રહેશે. ઉલ્લેખનીય છે કે હાલ સહકાર ક્ષેત્રે અમૂલ એક એવી અગ્રણી સંસ્થા છે જે અનેક ઓર્ગેનિક પ્રોડક્ટ્સ લોન્ચ કરી ચૂકી છે. હવે આ યાત્રામાં NCOL પણ સાથી બનશે. અમિત શાહે ભારતના ઓર્ગેનિક પ્રોડક્ટ્સની નિકાસને રૂ. 70,000 કરોડથી વધુના કદ પર પહોંચાડવાના મહત્વકાંક્ષી લક્ષ્ય અંગે પણ વાત કરી હતી. આખા વિશ્વનું ઓર્ગેનિક બજાર રૂ. 10 લાખ કરોડનું છે. તેમાં ભારતનો ફાળો રૂ. 7000 કરોડ જેટલો જ છે. પરંતુ જો પ્રયત્નોને યોગ્ય દિશા આપવામાં આવે તો ભારતમાં ઓર્ગેનિક પ્રોડક્ટની નિકાસ વધારીને રૂ. 70,000 કરોડ જેટલી પહોંચી શકે છે. અમિત શાહે આ પ્રસંગે સહકાર ક્ષેત્રના આગેવાનોને સંબોધન કરતા જણાવ્યું હતું, "આ એક મહત્વકાંક્ષી લક્ષ્ય છે પરંતુ અમે તેને હાંસલ કરવા કટિબદ્ધ છીએ."



- **ભારતની કૃષિ ક્ષેત્રની અનેક સમસ્યાઓ હળવી કરી દેશે ત્રણ નવરચિત સહકારી મંડળીઓ**
- **આ સહકારી મંડળીઓ ખેડૂતોને ઓર્ગેનિક પદાર્થોના નિકાસમાં પણ મદદરૂપ બનશે**







પોતાના ઘરનું ઉદાહરણ ટાંકતા અમિત શાહે જણાવ્યું કે તેમના ઘરે ઓર્ગેનિક કઠોળ, ચોખા અને લોટનો જ ઉપયોગ કરવામાં આવે છે. તેમણે એ પણ આશા જતાવી કે આગામી સમયમાં ભારતમાં ઓર્ગેનિક ઉત્પાદનોનો વપરાશ વધશે.

આ પ્રસંગે તેમણે ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડની કામગીરી અંગે વાત કરતા જણાવ્યું હતું કે આગામી પાંચ વર્ષમાં આ સહકારી સંસ્થા 10,000 કરોડનું ટર્નઓવર પ્રાપ્ત કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સહકારથી સમૃદ્ધિના વિઝનને હાંસલ કરવામાં આ ત્રણેય સહકારી મંડળીઓ મહત્વની ભૂમિકા ભજવશે તથા દેશમાં કૃષિ સંબંધિત પ્રવૃત્તિઓને વેગ આપશે.

ઉલ્લેખનીય છે કે આ ત્રણેય સહકારી મંડળીઓને સ્થાપવાની મંજૂરી ભારત સરકારે આપી છે અને તે મલ્ટી સ્ટેટ કો ઓપરેટિવ સોસાયટી એક્ટ 2002 હેઠલ નોંધાયેલી છે. જિલ્લા અને રાજ્ય કક્ષાની સહકારી સંસ્થાઓ પણ તેમની પ્રવૃત્તિમાં રસ ધરાવતી હોય તો તેમની સાથે સભ્ય બનીને જોડાઈ શકે છે.

## PACS સહકાર ક્ષેત્રને જોડતી કડી બનશે

PACS ખેડૂતો પાસેથી કૃષિ પેદાશો અને બિયારણો મેળવશે અને કૃષિ ક્ષેત્રે જોડાયેલા તમામનો ઉત્કર્ષ થાય તેની ખાતરી કરશે. PACS સરકાર, બેન્કો અને ખેડૂતોને જોડતી કડી હોવાથી સરકાર PACSને મજબૂત બનાવવા માટે ખૂબ પ્રયત્નો કરી રહી છે. PACS મજબૂત બનશે તો તેની સાથે સંકળાયેલા ખેડૂતોને પેદાશોનું મહત્તમ મૂલ્ય મળશે અને ઉત્તમ નાણાંકીય સેવાઓ મળશે. આ ઉપરાંત સરપ્લસ નફો સીધો ખેડૂતના ખાતામાં જમા થાય તેવી વ્યવસ્થા સરકાર કરી રહી છે. આથી ખેડૂતોની પેમેન્ટ પ્રક્રિયામાં લીકેજ અટકાવી શકાશે અને ખેડૂતોને તેમની મહેનતનું પૂરેપૂરું મૂલ્ય મળશે.

## NCEL:

NCEL એટલે કે નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ લિમિટેડની સ્થાપના સહકારી ક્ષેત્રમાંથી નિકાસને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી છે. હાલ NCELના સભ્ય પ્રમોટર્સમાં ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (GCMMF), ભારતીય ખેડૂત ખાતર સહકારી લિમિટેડ (IFFCO), કૃષ્ણ ભારતી કોઓપરેટિવ લિમિટેડ (KRIBHCO), નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન (NAFED), અને નેશનલ કોઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC)નો સમાવેશ થાય છે. NCEL સહકારી સંસ્થાઓ અને સંબંધિત સંસ્થાઓના માલ અને સેવાઓની સીધી નિકાસનું કામ કરશે.


## NCOL:

NCOL ની રચના ઓર્ગેનિક ઉત્પાદનોની સંભવિતતાને સમજવા અને તંદુરસ્ત કૃષિ ઈકોસિસ્ટમ બનાવવા માટે કરવામાં આવી છે. તે સહકારી ક્ષેત્રના ઓર્ગેનિક ઉત્પાદનોના એકત્રીકરણ, પ્રોક્યોરમેન્ટ, પ્રમાણપત્ર (સર્ટિફિકેશન), પરીક્ષણ, બ્રાન્ડિંગ અને માર્કેટિંગ માટે એક છત્ર સંસ્થા તરીકે કાર્ય કરે છે. NCOL ને NAFED, NDDB (નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ), NCDC, GCMMF અને NCCF દ્વારા પ્રમોટ કરવામાં આવે છે. NCOL ઓર્ગેનિક પ્રોડક્ટ્સનું ઉત્પાદન વધારવામાં મદદ કરશે. આ ઉપરાંત તે વિવિધ સહકારી અને તેમની સાથે જોડાયેલી સંસ્થાઓ દ્વારા સર્ટિફાઈડ ઓર્ગેનિક પ્રોડક્ટ્સના માર્કેટિંગમાં પણ મદદ કરશે.

## BBSSL:

આ સંસ્થા અદ્યતન અને પરંપરાગત બીજ સંશોધનની પ્રક્રિયામાં ભાગ લેશે. તેનો મુખ્ય હેતુ દેશમાં ગુણવત્તાયુક્ત બિયારણનું ઉત્પાદન વધારવાનો છે. ભારતમાં જ વૈશ્વિક માપદંડોને સમકક્ષ બીજ ઉત્પન્ન થાય તો દેશનું આયાતી બિયારણો પર અવલંબન ઘટાડી શકાય છે. તે બીજનું ઉત્પાદન કરતા ખેડૂતોની આવકમાં પણ વધારો કરશે. BBSSLને IFFCO, KRIBHCO, NAFED, NDDB અને NCDC દ્વારા પ્રમોટ કરવામાં આવે છે.

# રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવા પર 20 ટકાનો કાપ મૂકોઃ મનસુખ માંડવિયા



રાસાયણિક ખાતર અને તેના જોખમોથી સુપરિચિત કેન્દ્ર સરકારે પણ હવે ગુજરાતના રાજ્યપાલની માફક ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવાનો પ્રયાસ કરવા માંડ્યો છે. રાસાયણિક ખાતરના વપરાશમાં 20 ટકાનો ઘટાડો કરવાની કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયાની ભલામણ તેનો બોલતો પુરાવો છે. રાસાયણિક ખાતરની સાથેસાથે જંતુનાશક દવાઓનો ઉપયોગ પણ ઓછો કરવાની ભલામણ કરવામાં આવી રહી છે.રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો વધાર પડતો ઉપયોગ કરવાને પરિણામે જમીનની ફળદ્રુપતા અને માનવ આરોગ્યને નુકસાન પહોંચે છે.

તેથી જ ખેડૂત મિત્ર અળસિયાનો ઉપયોગ કરીને ગોબર અને ગૌમૂત્રમાંથી ખાતર બનાવીને તથા ગોબરનું જ ખાતર બનાવીને તેનો ઉપયોગ કરવાથી થતી ઊપજ માનવ તન્દુરસ્તી માટે વધુ ઉપકારક સાબિત થાય તેવી હોવાથી જ પ્રાકૃતિક દ્રવ્યોનો ઉપયોગ કરીને ખેતી કરવાની તરફ ઝૂકાવ વધારવા જણાવવામાં આવી રહ્યું છે. તેના વિકલ્પે નેનો લિક્વિડ યુરિયા કે નેનો લિક્વિડ ડીએપીનો ઉપયોગ કરવા કે પછી બાયોફર્ટિલાઈઝર અથવા તો પછી ફોસ્ફેટ રિચ ઓર્ગેનિક મેન્યોરનો ઉપયોગ કરવાની પણ ભલામણ કરવામાં આવી છે. સરકાર સબસિડીનો બોજ માથે લઈને યુરિયા ખેડૂતોને પહોંચાડવા પ્રયાસ કરે છે. ત્યારે બીજીતરફ કેટલાક વેપારીઓ સબસિડાઈઝ યુરિયાને ઔદ્યોગિક વપરાશ તરફ ડાયવર્ટ કરીને તગડો નફો કરી રહ્યા હોવાથી પણ સરકાર યુરિયાનો વપરાશ ઘટાડવા માંગે છે. ટેક્સટાઈલ પ્રોસેસિંગમાં પણ યુરિયાનો ખાસ્સો ઉપયોગ થતો હોવાના કેસો ભૂતકાળમાં પકડાયા છે. રેઝિન, ગુંદર, પ્લાયવુડ,ક્રોકરી,મોલ્ડિંગ પાઉડર, કેટલ ફીડ અને ઇન્ડસ્ટ્રીયલ માઈનિંગ-ઔદ્યોગિક હેતુથી ઉત્ખનન કરવા માટે પણ યુરિયાનો ઉપયોગ કરવામાં આવે છે.

# કૃષિ અને ખાદ્ય પ્રણાલીમાં ઈન્નોવેશનની તાતી જરૂર: પરષોત્તમ રૂપાલા

જળવાયુ પરિવર્તન, વસ્તી વધારો અને ખેતીલાયક જમીનમાં ઘટાડા જેવી અનેક સમસ્યાઓ ખેડૂતો માટે મોટો પડકાર બની ગઈ છે. કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી પરષોત્તમ રૂપાલાએ જણાવ્યું કે આ તમામ પડકારોનો સામનો કરવા માટે ખેડૂતોએ ઈન્નોવેશનને અપનાવવાની જરૂર છે. વૈજ્ઞાનિક સંશોધનમાંથી મળેલા જ્ઞાનને વ્યાપારિક સફળતા માટે ઉપયોગમાં લેવામાં આવે તો ખેડૂતો ઝડપથી પ્રગતિના પથ પર આગળ વધી શકે તેમ થે. તેમણે કોચીમાં યોજાયેલા ચાર દિવસના 16મા એગ્રીકલ્ચરલ સાયન્સ કોંગ્રેસ (ASC) અને એક્સપોમાં ભાગ લીધો હતો.

પરષોત્તમ રૂપાલાએ કેરળમાં થતા પોક્કાલી ચોખા જેવા પરંપરાગત ખેત ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો હતો. આવા ઉત્પાદનો વિષે ખેડૂતોમાં જાગૃતિ ફેલાવવામાં આવે તો વધુને વધુ ખેડૂતો તેની ખેતી તરફ વળે છે. આ ઉપરાંત લણણી પછીના નુકસાનને ઓછું કરવાથી પણ ઉત્પાદનને વેગ આપી શકાય છે. આ માટે તેમણે અદ્યતન ટેક્નોલોજીની સહાય લેવા પર ભાર મૂક્યો હતો. પરષોત્તમ રૂપાલાએ કૃષિ વૈજ્ઞાનિકોને વધારે યાંત્રીકરણનો ઉપયોગ કરવા અને મહિલાઓ માટે વિશિષ્ટ કૃષિ ઓજારો વિકસાવવા માટેનું આહવાહન પણ કર્યું હતું.


હાલમાં ભારતમાં જિનોમિક્સ અને જીનોમ એડિટિંગ પર પણ વિશેષ કાર્ય હાથ ધરાઈ રહ્યું છે. કૃષિ ક્ષેત્રે તેનાથી આમૂલ પરિવર્તન આવશે. જો કે ટેક્નોલોજીની સાથે સાથે માટી અને પાણીની તાસીર પણ ખેડૂતે સમજવી જરૂરી છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ખેડૂતોને જણાવ્યું છે કે તેઓ કુદરત સાથે સાતત્ય જાળવીને જ ખેતી કરે. ભારતીય ખાદ્ય વ્યવસ્થા એવી સ્થિતિસ્થાપક હોવી જોઈએ કે જેનાથી પોષણ પણ મળી શકે અને ખેડૂતો સુરક્ષિત આવક પણ મેળવી શકે. આ ઉપરાંત સરકાર ખેડૂતોની આત્મહત્યા અટકાવવા, તેમના આવકના સ્રોત વધારવા માટે પણ અનેક પ્રયત્નો કરી હી છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન બિયારણ અંગે પણ સરકારે ખાસ્સુ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

આ એક્સપોમાં ખેડૂતોને કાર્બન-ઉત્સર્જનમાં વધારો ન કરે તેવી ખેતી તરફ વળવા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે



- **ખેડૂતો પોક્કાલી ચોખા જેવા પરંપરાગત ઉત્પાદનો તરફ પાછા વળે તો સૌનું કલ્યાણ થશે**
- **મહિલાઓ માટે પણ વિશેષ કૃષિ ઓજારો શોધાવા જોઈએ.**

આ પ્રસંગે કૃષિ અર્થશાસ્ત્રીઓ, વૈજ્ઞાનિકો, ઉદ્યોગસાહસિકોએ ભાગ લીધો હતો અને તેમણે કૃષિ ક્ષેત્રે વિજ્ઞાન, આબોહવા, જીનોમિક્સ, IPR વગેરે અનેક બાબતો અંગે ચર્ચા કરી હતી. કેરળમાં પહેલી વખત CMFRI (સેન્ટ્રલ મરીન ફિશરીઝ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ) દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ભારત અને વિદેશમાંથી 1500થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

# ખેતી બેન્કની એક અનોખી પહેલ...

**વિકાસવંતા ગુજરાત રાજ્યના ખેડૂતો માટે એક વિશેષ પહેલ......**
**ડિજીટલ ઇન્ડિયા અને કૃષિ વિકાસની દિશામાં એક અનોખી પહેલ...**

હવે ફક્ત એક ક્લિકમાં આપના મોબાઈલ પર કૃષિ લગત લોનની તમામ જાણકારી. અહીં આપેલ "QR Code" સ્કેન કરો અને તમામ જાણકારી મેળવો ઝડપથી અને સરળતાથી! ભારત દેશના ઈતિહાસમાં સૌપ્રથમ વખત 'ખેતી બેન્ક' પ્રસ્તુત કરે છે એક અનોખી પહેલ જેમાં ગુજરાત રાજ્યના ખેડૂત ફક્ત એક નંબર પર ફોન કરવાથી લોન અંગેની સંપૂર્ણ માહિતી ખેતી બેન્કના કસ્ટમર સર્વિસ સેન્ટર પરથી પ્રાપ્ત થઈ શકશે. આજના આ આધુનિક અને ટેક્નોલોજીની ભરમારના જમાનામાં ખેડૂત ભાઈઓને હવે બંધ થશે ખોટા ધક્કાઓ ખેતી બેન્ક રાખે છે ખેડૂતોનો ખ્યાલ. બૅન્કના એક્ઝિક્યુટિવ ઓફિસર આપને આંગણે આવી બેન્કની તમામ સેવાઓથી માહિતગાર કરશે અને તમામ બૅન્કિંગ સેવાઓ ઉપ્લબ્ધ થશે.

## ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહી છે..

### ખેડૂતમિત્રોએ શું કરવાનું છે?

- સૌપ્રથમ આપનો મોબાઇલ નંબર દાખલ કરો.
- આપનું નામ દાખલ કરો.
- બસ, આટલું જ... હવે આપને ઉપલબ્ધ થશે માત્ર એક જ સ્થળેથી તમામ માહિતીઓ...

**આપના પ્રશ્નોનું સમાધાન મેળવવું છે?**
**આપ કૃષિ લોન મેળવવા માંગો છો?**
**ટોલ ફ્રી નંબર: 7969217666**



# ઇફકોના ચેરમેનના હોદ્દા પર દિલીપ સંઘાણી બીજી વાર સર્વાનુમતે ચૂંટાયા

ગુજકોમાસોલના ચેરમેન દિલીપ સંઘાણી ઈફકોના ચેરમેન તરીકે સર્વાનુમતે પુનઃ ચૂંટાઈ આવ્યા છે. આ સાથે જ ગુજરાતના સહકારી ક્ષેત્રને વધુ ઊંચાઈએ લઈ જવાનો તેમને વધુ એક મોકો મળ્યો છે. દિલીપ સંઘાણી ગુજરાતના સહકારી ક્ષેત્રના એક મોભી છે. રાસાયણિક ખાતરના ક્ષેત્રની સહકારી સંસ્થા ઈફકોને ચેરમેન તરીકે તેમને ફરીથી ચૂંટી કાઢવામાં આવતા તેમને સહકારી ક્ષેત્ર માટે વધુ કંઈક કરી દેખાડવાની તક મળી છે.

નવમી મેએ ઈફકોના ડિરેક્ટર્સની ચૂંટણી થયા બાદ આજે એટલે કે 10મી મેએ ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી. ઈફકોમાંથી વિદાય લઈ રહેલા વાઈસ ચેરમેન બલવીર સિંહને પણ નવા બોર્ડમાં તેમનું સ્થાન જાળવી રાખવામાં સફળતા મળી છે. દિલ્હીમાં ઈફકો સદનમાં 10 મેએ ચેરમેનપદ માટે ચૂંટણી યોજાઈ હતી. ઈફકો 36000 સભ્યોની સોસાયટી છે. આ વખતની ચૂંટણીમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. તેથી બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં જુદી જુદા પ્રાન્તની વ્યક્તિઓને સ્થાન મળી શક્યું હતું.

દિલીપ સંઘાણીને નવેસરથી ચૂંટણી થતાં દિલ્હીથી માંડીને ગુજરાત સુધીના તમામ સહકારી આગેવાનોમાં ખુશીની લહેર ફરી વળી હતી. ચેરમેન અને વાઈસ ચેરમેન તરીકે અનુક્રમે દિલીપ સંઘાણી અને બલવીર સિંહના નામની જાહેરાત કરવામાં આવી તે સાથે જ ઉત્સાહી સમર્થકોએ તેમને હારતોરા પહેરાવીને વધાવી લીધા હતા. ચેરમેન અને વાઈસ ચેરમેનના વિજયની તેમણે રંગેચંગે ઉજવણી કરી હતી. ઈફકોના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ડૉ. યુ.એસ. અવસ્થીએ પણ દિલીપ સંઘાણી અને બલવીર સિંહને ફરીથી ચૂંટાઈ આવવા બદલ અભિનંદન આપ્યા હતા.

ઈફકોના ચેરમેનના હોદ્દા પર નવેસરથી ચૂંટી કાઢીને તેમનામાં વિશ્વાસ મૂકવા બદલ અને તેમને ટેકો આપવા બદલ સહુનો દિલીપ સંઘાણીએ આભાર માન્યો હતો. રાસાયણિક ખાતરના ક્ષેત્રની આ સહકારી સંસ્થાને વધુ આગળ લઈ જવાની તેમની પ્રતિબદ્ધતા-વચનબદ્ધતાને તેમણે દોહરાવી હતી. ઈફકો છેલ્લા થોડા વરસોથી બહુ જ મોટા પરિવર્તન કરી રહી છે. તેણે દેશને નેનો યુરિયા, નેનો ડીએપી અને ડ્રોન જેવી ટેક્નોલોજી કૃષિ ક્ષેત્રને આપીને કૃષિ ક્ષેત્રને વધુ સમર્થ બનાવવામાં અને ખેડૂતોની આવકમાં વધારો કરવામાં બહુ જ મોટો ફાળો આપ્યો છે. આ રીતે ઈફકો સહકારથી સમૃદ્ધિ સુધીના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સૂત્રને સાકાર કરવામાં યોગદાન આપી રહ્યું હોવાનું દિલીપ સંઘાણીએ જણાવ્યું હતું. કૃષિ ક્ષેત્રને વધુ સમૃદ્ધ બનાવવા માટે એકમેકને સહયોગ આપવા પણ તેમણે હાકલ કરી હતી.



**દિલીપ સાંઘાણી ઈફકોના ચેરમેનના હોદ્દાની બીજી ટર્મ માટે ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાઇ આવ્યા હતા. તેમને ટેકો આપવા બદલ તેમણે સૌનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.**

ખેતી બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચાએ જણાવ્યું હતું કે પ્રિન્સ ઉદયભાનસિંહજી નટવરસિંહજી જેઠવાએ 1951ના વર્ષમાં સૌરાષ્ટ્ર સ્ટેટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ લેન્ડ મોર્ટગેજ બેંક લિમિટેડની સ્થાપના અગાઉના સૌરાષ્ટ્રમાં ખેડૂતોને લાંબા ગાળાની કૃષિ લોન પૂરી પાડવા માટે સર્વોચ્ચ સંસ્થા તરીકે કરી હતી. બદલાયેલ નામ હવે "ધ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લિમિટેડ" છે. તેઓ સપ્ટેમ્બર 1951 થી જુલાઈ 1973 સુધી બેંકના સ્થાપક અને આજીવન ચેરમેન રહ્યા.

ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર કોઓપરેટિવ લિમિટેડ (IFFCO) ની કલ્પના અને નોંધણી 3 નવેમ્બર 1967ના રોજ કરવામાં આવી હતી, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ખાતરોના ઉત્પાદન અને વિતરણના છે. પ્રિન્સ ઉદયભાનસિંહજી નટવરસિંહજી જેઠવાએ 1968 - 1973 દરમિયાન IFFCOના સ્થાપક અધ્યક્ષ તરીકે સેવા આપી હતી. વ્યાપક કેન્દ્રીય કાયદાના અવકાશની ભલામણ કરવા માટે કૃષિ મંત્રાલય દ્વારા સ્થપાયેલી મલ્ટી સ્ટેટ કોઓપરેટિવ સોસાયટી લેજિસ્લેશન 1971 પરની નિષ્ણાત સમિતિના તેઓ અધ્યક્ષ હતા.

સહકારી કૃષિ ધિરાણ, 1966 પર NCDC કાર્યાત્મક સમિતિ અને સહકારી જમીન વિકાસ બેંકો પર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સમિતિના સભ્ય તરીકે તેમની પસંદગી કરવામાં આવી હતી.

તેઓ ડિસેમ્બર 1967 થી એપ્રિલ 1971 દરમિયાન ભારતના રાષ્ટ્રીય સહકારી સંઘના પ્રમુખ તરીકે પણ ચૂંટાયા હતા. તેઓ રાષ્ટ્રીય સ્તરે સહકારી ચળવળનું નેતૃત્વ કરનાર ગુજરાતમાંથી પ્રથમ હતા. સહકાર ક્ષેત્રમાં સહકારી ચળવળ પ્રણેતા તરીકે, ખાસ કરીને સહકારી ચળવળને લગતા તેમના યોગદાન માટે, અને કૃષિ વેપાર અને ઉદ્યોગ સાથે સાથે સંબધિત તેમના યોગદાન માટે વર્ષ 1971 માં ભારત સરકાર દ્વારા "પદ્મશ્રી" એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.






## ખેતી બેંકનું ગૌરવ

# ગુજરાતના ડે. સ્પીકર જેઠાભાઈ ભરવાડ નાફેડમાં બિનહરીફ ચૂંટાયા





દેશની અગ્રણી સહકારી સંસ્થા નેશનલ એગ્રીકલ્ચર કો-ઓપરેટિવ ફેડરેશન ઑફ ઈન્ડિયા (NAFED- નાફેડ) ના ડાયરેક્ટરની ચૂંટણીમાં ખેતી બેન્કનું ગૌરવ અને ગુજરાતના ડેપ્યુટી સ્પીકર જેઠાભાઈ ભરવાડ તથા રાજકોટના સાંસદ મોહન કુંડારિયા બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે નાફેડમાં ગુજરાતમાંથી બે ડાયરેક્ટરની નિમણૂંક થાય છે. તેમાં એક બેઠક પર જેઠાભાઈ ભરવાડ અને અન્ય પર મોહન કુંડારિયા બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. ઉલ્લેખનીય છે કે આ બે સીટ માટે અગાઉ સાત ઉમેદવાર મેદાનમાં હતા. પરંતુ છેલ્લે અન્ય ઉમેદવારોએ ફોર્મ પાછું ખેંચી લેતા સર્વાનુમતે જેઠાભાઈ તથા મોહન કુંડારિયાની નાફેડમાં ડિરેક્ટર પદ પર નિમણૂંક કરવામાં આવી હતી.

A Farmers' Cooperative
... Since 1958

નાફેડની ચૂંટણીમાં આ બંને ઉમેદવારોની બિનહરીફ વરણી ગુજરાતના સહકાર ક્ષેત્રની એકતા અને શક્તિનો બોલતો પુરાવો છે

# કોકોપીટમાં રોપા તૈયાર કરી મરચીની ખેતી કરીઃ ઉત્પાદનમાં 25 ટકા વધારો

ખેડા જિલ્લાના ઠાસરાના ખીજલપુર તળપદ ગામના 37 વર્ષના ખેડૂત કવનકુમાર મનહરભાઈ પટેલે મરચીની ખેતીમાં અનોખો પ્રયોગ કર્યો છે. તેમણે મરચીના રોપા નાળિયેરના છોતરાથી બનતા કોકોપીટમાં રોપીને 25 ટકા જેટલું વધારે ઉત્પાદન મેળવ્યું છે. તેઓ દર વર્ષે 5 લાખ મરચીના છોડ પોતાની જ કોકોપીટની ટ્રેમાં ધરૂવાડિયામાં જાતે તૈયાર કરે છે. તેમણે પોતાની નર્સરી પણ જાતે જ બનાવી છે જેમાં તેઓ 5 લાખ જેટલા મરચીના રોપા તૈયાર કરે છે અને કોકોપીટમાં ઉછેરે છે. આ પ્રયોગ કરવાથી તેમને ઉત્પાદનમાં 25 ટકા જેટલો વધારો મળ્યો છે. આ ઉપરાંત મરચાંની ગુણવત્તા સારી હોવાને કારણે તેમને ભાવ પણ અન્ય ખેડૂતો કરતા 10 ટકા જેટલા વધારે મળે છે.



## કોકોપીટ શું છે?

કોકોપીટ એક કુદરતી ફાઈબર પાવડર છે, જે નાળિયેરના છોતરામાંથી બને છે. કોકોપીટ માટી અને છોડ માટે ખૂબ અસરકારક છે. તે છોડ અને ઝાડ માટે વૃદ્ધિનું 100% કુદરતી માધ્યમ છે. કોકોપીટ બનાવ્યા બાદ તેનો ઉપયોગ એક વર્ષ કરતા પણ વધુ સમય માટે કરી શકાય છે.



કવનકુમાર તળપદ ગામમાં 36 વીઘા જમીનમાં મરચાની ખેતી કરે છે. ખીજલપુરમાં કુલ 300 વીઘા વિસ્તારમાં મરચાની ખેતી થાય છે કારણ કે અહીં ભૂગર્ભનું પાણી અને ખેતીની જમીન મરચીને અનુકૂળ છે. કવનકુમારના પિતા મનહરભાઈ તમાકુ, ડાંગર, ઘઉ અને કેળની ખેતી કરતા હતા. આ સાથે તેઓ દેશી મરચી ઉગાડતા હતા. તેમના પુત્રએ મરચાની ખેતીને આધુનિકતાનો ઓપ આપ્યો છે. તે હવે ત્રણ પ્રકારની મરચીની ખેતી કરે છે. તેઓ છેલ્લા 12 વર્ષથી મરચીની ખેતી કરી રહ્યા છે અને તેમાં જાત જાતના પ્રયોગો કરે છે. તેમના મરચાની સારી ગુણવત્તાને કારણે ખેતર ઉપરથી જ તેમનો માલ વેચાઈ જાય છે અને તે રાજસ્થાન, જયપુર અને રાજકોટના બજારમાં જાય છે. મરચીની બાગાયતી ખેતીએ ખેડૂતો માટે આવક વધારવાના રસ્તા ખોલી આપ્યા છે.



**કોકોપીટના ઉપયોગથી મરચીનું ઉત્પાદન 25 ટકા વધે છે અને ભાવ પણ 10 ટકા જેટલા**

## કોકોપીટનો ફાયદો

જમીન કરતા કોકોપીટમાં રોપ તૈયાર થવામાં થોડો વધારે સમય લાગે છે. જમીનમાં રોપ 30 દિવસમાં તૈયાર થઈ જાય છે જ્યારે કોકોપીટની ટ્રેમાં આ પ્રક્રિયાને 45 દિવસ લાગે છે. 15 દિવસ બાદ જ કોકોપીટના છોડને થોડો સૂર્યનો તાપ અપાય છે. પહેલા 15 દિવસ તેને અંદર જ રખાય છે. રોપ તૈયાર થાય ત્યારે તેને રોપતા પહેલા તેને સૂર્યના તાપ અને રાત્રે એમ 24 કલાક ખુલ્લા વાતાવરણમાં રાખવામાં આવે છે. કોકોપીટનો મોટામાં મોટો ફાયદો એ છે કે તેમાં તૈયાર થયેલા રોવપાની દાંડી કે થડ મજબૂત હોય છે. છોડના તંતુ મૂળ વધારે હોય છે. તેને કારણે છોડનો ઉછેર સારી રીતે થઈ શકે છે. આથી રોપ તૈયાર થતા ભલે વધારે વાર લાગે, પરંતુ એક વખત કોકોપીટ ટ્રેમાં તૈયાર થયેલો છોડ જમીનમાં રોપવામાં આવે તો તે ઝડપથી મોટો થવા માંડે છે.









## પૈસાની બચત

મરચીનું બિયારણ ઘણું મોંઘું હોય છે. તેમાં એક એક બીની કિંમત હોય છે. આથી જો તેનો 100 ટકા ઉગાવો થાય તો જ પરવડે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને કવનકુમારે તેના ધરુ કોકોપીટમાં ઉછેરવાનો નિર્ણય કર્યો. તેમાં જર્મીનેશન 100 ટકા મળે છે. જો બિયારણમાં ખામી હોય તો જ 1 કે 2 ટકા બી નકામા જાય છે.

આ પદ્ધતિને કારણે તેમને મરચીના મોંઘા રોપા ખરીદવાની પણ જરૂર પડતી નથી. સામાન્ય રીતે મરચીના ખેડૂતો હિંમતનગર કે અમદાવાદની નર્સરીમાં તૈયાર થતા રોપા ખરીદીને ખેતી કરે છે. તેમાં 1 રોપાની કિંમત રૂ. 4થી 5 હોય છે. 24 ગુંઠા એટલે કે 1 વીઘા જમીન હોય તો તેમાં 10 હજાર રોપની જરૂર પડે છે. અર્થાત્, રૂ. 50,000નો ખર્ચ તો ખાલી રોપાની ખરીદીમાં જ થઈ જાય છે. રોપા વેચાતા લેવાથી ખેડૂત પર ખર્ચનું ભારણ વધે છે.

## કઈ જાત પસંદ કરવી જોઈએ?

કવનકુમાર 10 વીઘામાં પીકાડોર જાત વાવે છે. તેનું 1 વીઘે ઉત્પાદન 900થી 1000 મણ જેટલું મળે છે. આ મરચાં 15થી 50 રૂપિયે કિલોના ભાવે વેચાય છે. રાજકોટમાં સૌથી વધારે પીકાડોર જાતના મરચા ઉગાડવામાં આવે છે. તેઓ 2 વીઘા વિસ્તારમાં ઉમેગા જાતનું મરચું વાવે છે. તેમાં વીઘે 800થી 900 મણ ઉત્પાદન મળે છે. તે રાજસ્થાનમાં જાય છે. કેપ્સીકમ અને સીમલા મરચાની ખેતી 25 વીઘામાં થાય છે. તેનું ઉત્પાદન વીઘે 1100 મણ જેટલું થાય છે. વર્ષ 2020માં તેનું વીઘે 1250 મણ જેટલું વિક્રમી ઉત્પાદન થયું હતું. 1 વીઘામાં 100 ગ્રામ એટલે કે લગભગ 15,000 જેટલા બીની

## ઉત્પાદનમાં વધારો

કવનકુમારે નોંધ્યું છે કે કોકોપીટથી ઉછેરેલા છોડમાં 25થી 30 ટકા સુધી વધારે ઉત્પાદન મળે છે. આવા છોડની રોગપ્રતિકારક શક્તિ ઘણી વધારે હોય છે. તેના તંતુમૂળની સંખ્યા વધારે હોવાથી તે જમીનના અંદરના પોષકતત્વો ઝડપથી શોષી લે છે. જમીનને અપાયેલા ખાતરનો પૂરેપૂરો ઉપયોગ તેના મૂળ કરી શકે છે. આથી ઉત્પાદન વધારે સારુ મળે છે અને મરચીમાં રોગ પણ ઓછા આવે છે.

## કોકોપીટ બનાવવાની રીત

નાળિયેરના છોતરા - રેસાવાળી છાલને ચાર દિવસ તડકામાં સુકવીને તેના નાના ટુકડા કરી તેનો પાઉડર બનાવાય છે. ચાળીને ફાઈબરને અલગ કરી દેવામાં આવે છે. ભૂકામાં પાણી નાખી 2-3 કલાક રહેવા દેવામાં આવે છે. તેને નીચોવી પાણી કાઢી લેવું. આમ કોકોપીટ તૈયાર કરી શકાય છે.

## ઉત્કૃષ્ટ ગુણવત્તા

કોકોપીટમાં તૈયાર થયેલા રોપા પર ઉગતા મરચાંની ગુણવત્તા ઘણી સારી હોય છે. તેની ચમક અલગ જ હોય છે અને મરચું વાંકુ વળતુ નથી. જો સીમલા મરચા હોય તો તેને ગોળ આકાર સારો મળે છે. આવા મરચાની સારી ગુણવત્તા અને ઉત્કૃષ્ટ દેખાવને કારણે બજારમાં તેના 10 ટકા જેટલા વધારે ભાવ મળે છે. વધારે મળતા ભાવમાંથી મજૂરીનો ખર્ચ આસાનીથી નીકળી જાય છે અને ખેડૂતના ચોખ્ખા નફામાં વધારો થાય છે.

**ખેડાના ખેડૂત પવનકુમારને કોકોપીટમાં મરચીની ખેતી કરવાના પ્રયોગના મીઠા ફળ મળ્યા**

**કોકોપીટની જગ્યાએ બગાસ વાપરીને ધરૂ તૈયાર કરવા અંગે પણ પ્રયોગો હાથ ધરાયા છે**

## મરચીની રોપણી ક્યારે થાય?

જૂનના છેલ્લા અઠવાડિયામાં અથવા જુલાઈના પ્રથમ અઠવાડિયામાં લીલો પડવાશ કરી મરચીનું વાવેતર કરાય છે. ત્યાર બાદ શિયાળામાં ઓકટોબર અને ઉનાળામાં જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં વાવેતર થાય છે. ધરુ રોપણી લાયક થયા બાદ ફેર રોપણી કરવી. મરચીની ખેતીમાં વીઘે રૂ.50થી 60,000નો ખર્ચ થાય છે. ખેડૂતને એક કિલોના રૂ. 25નો ભાવ મળે છે જ્યારે વેપારીઓને 75 રૂપિયા કિલો મળે છે.



જરૂર પડે છે.

મરચામાં જીવાત નિયંત્રણ માટે તેઓ જીવામૃત અને પેસ્ટિસાઈડ વાપરે છે. આ ઉપરાંત પાકને ફાયદાકારક બેક્ટેરિયા જમીનમાં રહે તે માટે તેઓ લીલો પડવાસ કરે છે. મરચાનું ઉત્પાદન થઈ જાય પછી તેઓ પાકા પૂંઠાના બોક્સમાં મરચાંનું પેકિંગ કરે છે. બજાર જતા સુધી મરચામાંથી ભેજ ઊડી જાય તો થોડી ઘટ પડે છે.

### બગાસ સસ્તો વિકલ્પ

સરદાર દાંતીવાડા કૃષિ વિશ્વ વિદ્યાલયના મહેસાણાના જગુદણ શાકભાજી સંશોધન કેન્દ્રના બીજ મસાલા સંશોધન કેન્દ્રના ડૉ. ડી.બી.પ્રજાપતિ, પ્રો. એ.એમ. અમીન, ડૉ. બી.જી. પ્રજાપતિ અન પ્રો.કે. પી. પટેલ દ્વારા મરચા અંગે ઘણાં સંશોધનો કરાયા છે. કૃષિ અનુસંધાન પરિષદ દ્વારા અખિલ ભારતીય સંકલિત મસાલા સંશોધન યોજના અંતર્ગત દેશભરમાં 70 સંશોધન કેન્દ્રો સ્થાપવામાં આવ્યા છે. જેમાં જગુદણ અગ્રેસર છે. કૃષિ વૈજ્ઞાનિકોએ કોકોપીટના સ્થાને સસ્તો અને સરળ વિકલ્પ શોધ્યો છે. ઉત્તર પ્રદેશ સુગરકેન રિસર્ચ કાઉન્સિલ, શાહજહાંપુરના વૈજ્ઞાનિકોએ કોકોપીટની જગ્યાએ શેરડીના કૂચા - બગાસનો ઉપયોગ કર્યો છે. તેના સારા પરિણામો મળ્યા છે. શેરડી રિસર્ચ કાઉન્સિલ માને છે કે, કોકોપીટ ખૂબ ખર્ચાળ છે પણ શેરડીના કૂચા સાવ સસ્તાં છે.

બગાસનો ભૂકો 30 ટકા, વર્મી કમ્પોસ્ટ 30 ટકા અને માટી 40 ટકાના મિશ્રણને ભેળવીને બગાસ તૈયાર કરાયો છે. શેરડીની નર્સરીમાં બગાસનો ભૂકો વાપરવાનું શરૂ થઈ ગયું છે. ગુજરાતમાં શેરડીની બગાસ નજીકમાં સરળતાથી મળે છે, જ્યારે કોકોપેટ દક્ષિણના રાજ્યોમાંથી આયાત કરવી પડે છે. બન્નેમાં રોપ તૈયાર કરવાનો સરખો સમય લાગે છે.

### ભારતમાં મરચાનું બજાર

આજે મરચાની પેદાશમાં ભારત સૌથી મોખરે છે. ભારતમાં મરચાનું વાર્ષિક ઉત્પાદન 80 હજાર ટન છે જ્યારે નિકાસ 25 હજાર ટન છે. મહારાષ્ટ્ર, તામિલનાડુ, આંધ્ર પ્રદેશ મરચામાં આગળ છે. ગુજરાતમાં સૂકા મરચીની ખેતી 14 હજાર હેક્ટર અને ઉત્પાદન 30 હજાર ટન થાય છે. રાજકોટના ગોંડલમાં 10,000 ટન અને 3000 હેક્ટર જમીનમાં સૌથી વધારે મરચા થાય છે. તાપી, દાહોદ, મહેસાણા સુરેન્દ્રનગરમાં સુકા અને લીલા મરચા સારા થાય છે. ખેડામાં 44 હેક્ટરમાં જ સૂકા મરચા પાકે છે.

**મરચાના હેક્ટર દીઠ ઉત્પાદનમાં ગુજરાતના ખેડૂતો ભારત અને વિશ્વમાં ઘણા પાછળ છે, ઉત્પાદન વધારવા નવીન અભિગમ જરૂરી**









## ગુજરાતમાં કોકોપીટનું ઉત્પાદન

ગુજરાતમાં નાળિયેરની ખેતી 25,000 હેક્ટરમાં થાય છે. આ વિસ્તારમાં 21થી 22 કરોડ નાળિયેરનું ઉત્પાદન થાય છે. તેમાંથી 50 ટકા નાળિયેર પાકા થાય તો 1 કરોડ કિલો છોતરા નીકળે છે. આ છોતરામાંથી 50 લાખ કિલો કોકોપીટ તૈયાર થઈ શકે છે. સોમનાથ, જૂનાગઢ, ભાવનગર, વલસાડમાં સૌથી વધારે નાળિયેરીના બગીચા છે. રાજ્યના 85 ટકા બગીચા સૌરાષ્ટ્રમાં છે. આમ છતાં ગુજરાતમાં દક્ષિણ ભારતથી કોકોપીટની આયાત વધારે થાય છે.

કોકોપીટમાં 40% માટી, 30% કોકોપીટ અને 30% ગાયનું છાણ અથવા વર્મીકમ્પોસ્ટ પણ મિશ્ર કરીને છોડ માટે વાપરી શકાય છે. દક્ષિણ ભારતથી આયાત થતાં પાંચ કિલો કોકોપીટની કિંમત આશરે રૂ. 250થી 300 છે. જ્યારે બગાસમાંથી તૈયાર કરવા માટે પ્રતિ કિલો માત્ર ચાર-પાંચ રૂપિયાનો ખર્ચ થાય છે.



ભારતની સરેરાશ ઉત્પાદકતા 2400 કિલોની છે. ગુજરાતના ખેડૂતો 1900-2000 કિલો ઉત્પાદન એક હેક્ટરે કરે છે. આમ એક હેક્ટરે ગુજરાતના ખેડૂતોને 500 કિલોની ખોટ જાય છે. જો કોકોપીટની પદ્ધતિથી મરચાની ખેતી કરાય તો આ ઉત્પાદનમાં 25 ટકા સુધીનો વધારો કરી શકાય છે.

ભારતમાં 26% ઉત્પાદન સાથે આંધ્રપ્રદેશ સૌથી આગળ છે. મહારાષ્ટ્ર 15%, કર્ણાટક 11%, ઓરિસ્સા 11%, મધ્યપ્રદેશ 7%, ગુજરાત 2% અને બીજા રાજયો 20% ઉત્પાદન ધરાવે છે.

ભારતમાંથી 90 દેશોમાં લીલા, લાલ અને સૂકા મરચાંની નિકાસ થાય છે. બાંગ્લાદેશ, બહેરીન, કેનેડા, ઈટલી, ઈઝરાયેલ, જાપાન, મલેશિયા, નેધરલેન્ડ, ફિલિપાઈન્સ, સિંગાપોર, સ્પેન, શ્રીલંકા,સાઉદી અરેબિયા, અમેરિકા અને યુએઈમાં મરચાની નિકાસ થાય છે.

### હેક્ટરદીઠ ઉત્પાદનમાં ગુજરાત પાછળ

વિશ્વમાં ચીનના ખેડૂતો હેક્ટર દીઠ સૌથી વધુ 6820 કિલો મરચા પેદા કરે છે. સમગ્ર વિશ્વમાં મરચાંનું સૌથી વધુ હેક્ટરદીઠ ઉત્પાદન ચીનમાં થાય છે. હેક્ટરદીઠ ઉત્પાદનમાં ગુજરાત ઘણું પાછળ છે. ગુજરાત કરતાં પાકિસ્તાનના ખેડૂતો હેક્ટર દીઠ વધુ ઉત્પાદન મેળવે છે. 2017ના આંક પ્રમાણે આંધ્ર પ્રદેશના ખેડૂતોએ હેક્ટર દીઠ 4580 કિલો મરચાનું ઉત્પાદન મેળવ્યું હતું.

ગુજરાતના ખેડૂતો વિશ્વ કક્ષાએ અને ભારત કક્ષાએ અત્યંત પાછળ છે. ગુજરાતના ખેડૂતો આંધ્ર પ્રદેશનું બિયારણ અપનાવે અને કોકોપીટ કે બગાસ જેવી નવીન પદ્ધતિ અપનાવે તો મરચીના ખેડૂતોના ઉત્પાદન અને આવકમાં વધારો થઈ શકે તેમ છે.

ગુજરાતમાં 50 હજાર જેટલાં ખેડૂતો વર્ષે રૂપિયા 200-300 કરોડનું મરચું પેદા કરે છે. જોકે શાકભાજીમાં વપરાતા લીલા મરચા સાથે કુલ ઉત્પાદન તો ઘણું વધારે થાય છે. સૂકા મરચા માટે ખેડૂતોએ 5 મહિના મહેનત કરવી પડે છે. 20 કિલો લીલા મરચામાંથી 3 કિલો લાલા મરચા બને છે. જેનો પાઉડર બનાવીને ઉદ્યોગપતિઓ વેચે છે. અરવલ્લી જિલ્લામાં 700 વીઘામાં કેપ્સિકમ મરચીનું વાવેતર થાય છે.



## ગુજરાતમાં મરચાની ખેતી

ગુજરાતમાં લીલા અને સૂકા મરચાની ખેતી સરખા વિસ્તારમાં થાય છે. ગુજરાતમાં 33થી 35 હજાર હેક્ટર વાવેતર થાય જેમાં લીલા મરચાનું ઉત્પાદન 1.40 લાખ ટન થાય છે. દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં મુખ્યત્વે લીલા મરચાનું ઉત્પાદન લેવામાં આવે છે. દક્ષિણ ગુજરાતમાંથી રૂ. 35 કરોડના સૂકા મરચાંની નિકાસ થાય છે. કુલ નિકાસ પૈકી 20 ટકા લીલા મરચાંની આયાત થાઈલેન્ડ કરે છે. લીલા મરચાની પ્રતિ હેક્ટર ઉપજ 150થી 200 ક્વિન્ટલ જેટલી મળે છે.

કૃષિ વિભાગના અંદાજ પ્રમાણે ગુજરાતમાં લીલા ધોલર, લવીંગીયા, રેશમ પટ્ટી મરચા 40થી 50 હજાર હેક્ટર વાવેતર થાય છે. લીલા મરચાના કારણે અથાણા, ચટણી વગેરેની નિકાસથી રૂ.250થી 300 કરોડની નિકાસ થાય છે.

## મરચીમાં કયું ખાતર અને જંતુનાશક વાપરવું જોઈએ?

રોગ-જંતુથી બચાવવા માટે મરચીમાં રાસાયણિક ખાતર 50:50:50 ના.ફો.પો. કિ/હે જમીન તૈયાર કરતી વખતે પાયામાં આપવું. એક હેક્ટરે 25 કિલો નાઈટ્રોજન, ફેરરોપણીના એક મહિના પછી પૂર્તિ ખાતર તરીકે અને બાકીનો નાઈટ્રોજન 25 કિ/હે, ફેરરોપણીના 50 દિવસે આપવું. બોરોન આપવાથી એસ્કોરબિક એસીડ, કેપ્સેસીન અને કલોરોફીલ વધે છે. પોટેશિયમ અને જસતની પૂર્તિ એકસાથે કરવામાં આવે તો ઉત્પાદનમાં વિશેષ ફાયદો થાય છે. પ્રતિ હેકટરે દેશી ખાતર 20 ટન આપવું.

મરચીમાં કોકડવા થયેલ છોડનો ઉપાડીને નાશ કરવો. કોકડવા સફેદમાખી વડે ફેલાતો રોગ છે. તેના નિયંત્રણ માટે ટ્રાયઝોફોસ અથવા ડાયમીથોએટ 10 મિ.લિ. દવાનો 10 લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરાય છે. ઈન્ડોનેશિયાની મરચીની નવી કાળી થ્રીપ્સ જીવાતથી મરચીના ઉત્પાદનમાં 23%જેટલો ઘટાડો થતો જોવા મળ્યો છે.

## કોકોપીટના ફાયદા વિશેષતા

કોકોપીટમાં નાઇટ્રોજન, ફોસ્ફરસ, જસત અને મેગ્નેશિયમ છે. પાકેલા નારિયેળની બહારના તંતુમય છાલમાં ઘણા પ્રકારના આવશ્યક પોષક તત્વો જોવા મળે છે. જે છોડના વિકાસમાં ખૂબ મદદરૂપ થાય છે. છોડના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સાથે સાથે તે જમીનની ફળદ્રુપતા વધારે છે.

હલકું વજન હોવાથી કન્ટેનર માટે શ્રેષ્ઠ છે. કોકોપીટને માટીમાં ઉમેરવાથી જમીન ખૂબ જ હળવી બને છે.

તેમાં ઉત્તમ વાયુ મિશ્રણ ગુણધર્મ છે જે છોડને ઓક્સિજન શોષવામાં મદદ કરે છે.

કોકોપીટની ખાસિયત એ છે કે તે તેના વજન કરતા આઠથી દસ ગણું પાણી સંગ્રહી શકે છે. ભેજનું ચોક્કસ નિયંત્રણ કરે છે. ભેજ રાખવાની ક્ષમતા અંકુરણ માટે આદર્શ વાતાવરણ બનાવે છે. કોકોપેટમાં પાણી શોષવાની ક્ષમતા વધારે છે. તેના કારણે ઓછા પાણીથી વધુ ઉત્પાદન મેળવી શકાય છે.





જમીનને કોમ્પેક્ટ થતી અટકાવે છે અને મૂળને વિકસવા માટે વધુ જગ્યા મળે છે. તેને કારણે મૂળ વધુ સારા વિકસે છે અને મજબૂત બને છે.

કોકોપીટમાં કુદરતી ફૂગપ્રતિરોધી ગુણો હોય છે. તેમાં તૈયાર થયેલા ધરૂને જમીનથી થતા રોગોનું જોખમ ઓછું હોય છે.

કોકોપીટ શ્રેષ્ઠ કાર્બનિક ખાતરોમાંનું એક છે અને જમીનનું ધોવાણ નિયંત્રણ કરે છે.

કોકોપીટમાં ક્ષાર હોઈ શકે છે. અમુક પાક માટે સમસ્યારૂપ બની શકે છે. તેથી ધોવા જરૂરી છે.

તેમાં બિયારણ ઉગવાની શક્યતા 100 ટકા જેટલી છે. આથી પાકની નિષ્ફળતાનું જોખમ ઘટે છે.

- હાઇડ્રોપોનિક સિસ્ટમમાં કોકોપીટ ફાયદાકારક છે. તે બાયોડિગ્રેડેબલ છે અને તેનું pH સ્તર તટસ્થ 5.5 થી 6.5 ની વચ્ચે હોય છે.

કોકોપીટ જંતુરહિત પ્રકૃતિ ધરાવતું હોવાથી પ્રાકૃતિક ખેતીમાં કોકોપીટનું ખાસ મહત્વ છે. તેમાં જીવજંતુ પનપતા નથી. તેમાં રાસાયણિક જંતુનાશકો અને ફૂગનાશકો ઓછા વાપરવા પડે છે.

કોકોપીટ છોડના એકંદર આરોગ્ય અને વૃદ્ધિને વધારે છે.





તીખાસમાં ડ્રેગન્સ બ્રેથ ચિલી બીજા ક્રમે છે. બ્રિટનમાં તેની ખેતી થાય છે. તેની તીખાસ 2.48 મિલિયન સ્કોવિલે એકમ સુધી માપવામાં આવી છે, જે સામાન્ય મરચાં કરતાં લગભગ 2000 ગણી વધારે છે.

લાલ, લીલા, પીળા, કેસરી, ઘેરા કાળા અને મરુન રંગનાં મરચાં પાકે છે. કદ પ્રમાણે તીખાશમાં ફેરફાર થાય છે. મરચામાં કેપસેઇન નામનું આલ્કલોઇડ તત્વ રહેલું છે જેને કારણે તીખાશ અનુભવાય છે.



માંકડનો નાશ કરવા, કૂતરું કે સાપ-વીંછીનો ડંખ જે જગ્યા પર હોય ત્યાં મરચાની ભૂકી ભરવાથી ઝેર બાળીને જખમ રૂઝવે છે.



ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીનું સંશોધન કહે છે કે, મરચાં ખાવાથી ઊંઘ સારી આવે છે અને હૃદય પણ તંદુરસ્ત રહે છે.





## મરચાં વિષે અવનવું

- શું તમે જાણો છો કે ભારતમાં મરચાંને પ્રસિદ્ધિ કોલંબસે અપાવી હતી? અમેરિકા ખંડ અને ખાસ કરીને મેક્સિકોમાં 100થી વધુ જાતની મરચાંની ખેતી થાય છે. ત્યાં 12 ઈંચથી માંડી પોણા ઈંચ સુધીના મરચા થાય છે. મેક્સિકોના લોકો આખા વિશ્વમાં તીખામાં તીખા મરચા ખાય છે. પોર્ટુગલ પ્રજાની સાથે સાથે મરચા પણ ભારતમાં પ્રવેશ્યા અને પ્રસિદ્ધિ પામ્યા.
- કેપસાઇસિન માણસને લાંબા સમય સુધી જીવિત રાખવામાં સહાયક છે. શરીરમાં તાપમાનનું સંતુલન જાળવનારી કોશિકાઓના સંપર્કમાં આવે છે અને મગજને ગરમી મહસૂસ કરવાના સંદેશા આપે છે. શરીરમાં ઊર્જાનું સ્તર વધારે છે. મરચા ખાવાથી ભૂખ પણ ઘટે છે.
- ભારતીય મરચામાં ઘેરા જાંબુડી રંગની રેડ બર્ડ્ઝ-આઇ ચિલી તેજસ્વિન સૌથી તીખાં ગણાય છે. તીખાશ જીભ અને મોઢામાં ઝમઝમાટ લાવી દે છે. ફ્તેર સુરતી મરચાં પણ તીખાં જ હોય છે. રેશમપટ્ટી મરચાં ગુજરાતી રસોડામાં લોકપ્રિય છે. દુનિયાના સૌથી તીખા મરચાનું નામ ભૂત જોલકિયા છે.  2007માં તેનું નામ ગિનિસ બુક ઓફ વર્લ્ડમાં તેને સામેલ પણ કરાયું છે.
- તીખાસમાં ડ્રેગન્સ બ્રેથ ચિલી બીજા ક્રમે છે. બ્રિટનમાં તેની ખેતી થાય છે. તેની તીખાસ 2.48 મિલિયન સ્કોવિલે એકમ સુધી માપવામાં આવી છે, જે સામાન્ય મરચાં કરતાં લગભગ 2000 ગણી વધારે છે.
- નિયમિત મરચા ખાનાર વ્યક્તિ દીર્ઘાયુ બને છે. મરચાવાળું ભોજન લેવાથી મેટાબૉલિઝમ ઍક્ટિવ રહે છે એટલે કે ભોજન પચાવવાની ક્રિયા દુરસ્ત રહે છે.
- મરચાથી કૉલેસ્ટ્રૉલ નિયંત્રિત રહે છે જેનાથી હૃદયની બીમારીઓની શક્યતા પણ ઘટે છે. તે સ્થૂળતાની સમસ્યા દૂર કરે છે અને હાઇ બ્લડપ્રેશરની સમસ્યામાં પણ લાભકારક છે.
- જો કે વધારે મરચા ખાવાથી નુકસાન થાય છે. દરરોજ 50 ગ્રામ કે તેથી વધુ મરચાં ખાનારની યાદશક્તિ પર વિપરીત અસર પડે છે. આથી દવા તરીકે નહિ, પરંતુ ભોજનમાં થોડી માત્રામાં મરચા ખાઈ શકાય છે.
- મરચાંની તીખાશના કારણે ઘણા લોકોને એસિડિટી થાય છે. તીખા સ્વાદના મરચામાં પૌષ્ટિક અને આરોગ્યવર્ધક ગુણ પણ છે. સી લીલા મરચામાં સારી માત્રામાં વિટામિન સી મળે છે.
- મરચામાં રહેલું ફોલિક એસિડ ખોરાકને પચાવવામાં મદદરૂપ છે. તે રક્તવૃદ્ધિકર અને પાચક છે.





# સો રોગ સામે રક્ષણ આપવા સક્ષમ રાગી ખેડૂતોની આર્થિક તન્દુરસ્તી પણ સુધારશે

ક હેવાય છે કે રાગીની ખેતી બારે માસ ચાલે છે. રાગીનો આહાર લેતા રહો. તમારા શરીરમાંથી 100 રોગ નાબૂદ થઈ જશે. હા, મિલેટ એટલે કે બાજરી, જુવાર, મકાઈ, રાગી ને નાચણી જેવા પાક લેવાની બાબતમાં ગુજરાતના ડાંગ જિલ્લાના ખેડૂતો કાબેલ છે. તેથી જ છેલ્લા કેટલાક વર્ષોમાં ડાંગના ખેડૂતો મીલેટની ખેતીમાં નામના મેળવી છે. ડાંગ જિલ્લામાં લગભગ 12,000 હેક્ટર મીલેટની ખેતી થાય છે. તેમાંથી ડાંગની પ્રખ્યાત રાગી મીલેટ 8,500 હેક્ટરમાં ઉગે છે. ઉત્પાદન 11,755 મેટ્રિક ટન થાય છે. ગુજરાત તેમજ સમગ્ર ભારતમાં વવાતા તૃણ ધાન્ય પાકોમાં નાગલીની પ્રતિ હેકટરે ઉત્પાદન ક્ષમતા સૌથી વધારે છે. ગુજરાતમાં નાગલી પાકનું કુલ ઉત્પાદન 20,013 મેટ્રિક ટન અને 19,235 હેક્ટરમાં વાવેતર થાય છે. મહેશભાઈ માત્ર 1200 લોકોની વસતી ધરાવતાં 300 જેવા ખેડૂતોના નાના ગામની વાત છે. તેમનું કહેવું છે, "ડાંગના વઘઈના ચિચોડ ગામના ખેડૂતો હવે ફરીથી નાગલી મિલેટની ખેતી તરફ વળ્યા છે. 14 વર્ષ પહેલાં તેમને જે ભાવ મળતો હતો તેના કરતાં 4 ઘણાં ભાવ નાગલીના મળવા લાગ્યા છે." નાગલીની ખેતીની ખૂબી એ છે કે, તે ડાંગના ઢોળાવ વાળા ખેતર પર જ તેની ખેતી થાય છે. નાગલીની ખેતી કરવા માટે ખર્ચ માત્ર રોપણી કરવાનું જ થાય છે. બીજે કોઈ ખર્ચ થતો નથી. તેને રાસાયણિક કે કુદરતી ખાતર આપવું પડતું નથી. તે કુદરતી રીતે થાય છે.

ડાંગના જ વતની 40 વર્ષના મહેશભાઈ સુકરભાઈ કાંડોળીયા 9638417064 પાસે 8 હેક્ટર જમીન છે. મીલેટ અતિશય વરસાદમાં અને ઓછા પાણીમાં પણ ટકી શકે છે. રાગી, બાંટવો કે નાગલી મીલેટની ખેતી લોકપ્રિય છે કારણ કે તે સારી ઉપજ આપે છે. 100 ટકા કુદરતી ખેતી છે. મહેશભાઈ પોતે નાગલીનો પાક માત્ર ચોમાસામાં જ લે છે. તેઓ જૂનમાં રોપા તૈયાર કરીને વાવે છે. વરસાદ પડે એટલે નિંદામણ દૂર થાય તે રીતે જમીન ખેડીને પછી રોપણી કરે છે. રોપણી કર્યા પછી ખેતરમાં નાગલીને જોવા જવા કે બીજી કોઈ કાળજી લેવાની જરૂર પડતી નથી.

## ડાંગ અને વલસાડ જેવા જિલ્લામાં સૌથી વધુ ખવાતુ અત્યંત પોષક ધાન્ય નાગલી

નાગલીનો પાક ઓછા પાણી, રસાયણિક જંતુનાશકો વગર અને ખાતર વગર પાક લઈ શકાય છે. નાગલી બીજા અનાજની તુલનાએ માનવ આરોગ્ય માટે શ્રેષ્ઠ ગણાય છે. નાગલીના અનેક નામ છે. તે ફિંગર મિલેટ , રાગી અથવા બાવટો અથવા નાગલી તરીકે ઓળખાય છે. તેનું વૈજ્ઞાનિક નામ એલુસીન કોરકાના છે. ઈલ્યુસીનીન નામના નાગલીના પ્રોલેમાઈનનું સિસ્ટીન, ટાયરોસિન અને ટ્રિપ્ટોફેનના સંદર્ભમાં ઘઉંના ગ્લાયેડીન કરતાં જૈવિક મૂલ્ય વધારે ગણાય છે. પોષણમૂલ્ય ચોખા કરતાં વધારે અને ઘઉં જેટલું છે. નાગલીમાં જવ કરતાં નાઈટ્રોજન દ્રવ્ય વધારે છે. નાગલીના અંકુરિત દાણાની ડાયા સ્ટેટિક પ્રક્રિયા જુવારના અંકુરિત દાણા કરતાં વધારે હોય છે. અસેચ્યુરેટેડ ચરબી પચવામાં હલકી છે. તેમાં ગ્લુટીનનું તત્વ હોતુ નથી. તેમાં પોષક તત્વ પણ અનેક છે. અનાજમાં એમીનો એસીડ મેથોનાઈન રહેલું હોય છે, જે વધુ પ્રમાણમાં સ્ટાર્ચવાળા ખાદ્ય પદાર્થોમાં જોવા મળતું નથી.




## ખર્ચ વગરની ખેતી

નાગલી એક એવો પાક છે કે જેમાં ખાતર કે પછી કોઈ દવા નાંખવી જ પડતી નથી. વાવણી પછી સીધો પાક લણવા ખાડૂતો જાય છે. તેને જંતુનાશક છાંટવી પડતી નથી કે રાસાણિક ખાતર કે દેશી ખાતર નાંખવું પડતું નથી. રોગ આવે તો પણ દવા છાંટતા નથી. એક જ વખતની મજૂરી રોપણીના ખર્ચની થાય છે. અઢીથી ત્રણ હજારનો ખર્ચ થાય પછી કોઈ ખર્ચ થતો નથી.

## નાચણી-રાગીની લણણી

છોડ પર કંઠી બંધાય અને થોડા લાલ થાય પછી કાપીને લણી લેવામાં આવે છે. પાકી છે કે કેમ તે કણસલા ઘસીને તપાસીને પાક લણી લેવામાં આવે છે. જેને ખળામાં લાવીને તેને દાણા અલગ કરવામાં આવે છે. અથવા તેને વાંસની મુલકીમાં ભરીને મૂકી રાખે છે. એક કે બે મહિના તેને એમને એમ સાચવી શકાય છે. પછી તેના બર બળદ ફેરવીને બી કાઢવામાં આવે છે.

પંખાથી નાના દાણા અને મોટા દાણા અલગ કરીવામાં આવે છે. દાણા કાઢી લીધા બાદ તેને ફરથી વાંસની વાસકીમાં ભરી દેવામાં આવે છે. જેના પર છાણનું લીંપણ કરીને નાગલીને ઢાંકી દેવામાં આવે છે. જે 3થી 4 વર્ષ સુધી ટકી કરે છે. અનાજ ખરાબ થતું નથી. જીવાત પડતી નથી. નાગલી અનાજનો સંગ્રહ બેહદ સુરક્ષિત હોય છે. નાગલીના દાણા પર કોઈ પ્રકારના કીટકો કે ફુદાંઓ આવતાં નથી. દાણા ખરાબ થતાં નથી. સારા ભાવ હોય તો વેંચી દેવામાં આવે છે નહીંતર તેનો સંગ્રહ કરી રાખવામાં આવે છે.

## બે વર્ષમાં ભાવમાં ચાર ગણો વધારો થયો

10 વર્ષથી નાગલી માત્ર કિલોદીઠ રૂ. 14ના ભાવે વેચતી હતી. હવે કિલોના 56માં વેચાય છે.









## નાગલીનો આહાર સો રોગમાં ફાયદાકારક

રાગી કે નાગલી તરીકે ઓળખાતી આ ધાન્ય વનસ્પતિ 100થી પણ વધારે રોગો સામે રક્ષણ આપવાને સક્ષમમ છે. નાગલી સૌથી પ્રાચીન અનાજ અને ખાવામાં આવતા અનાજોમાંથી એક છે. હાડકાનો વા, ખાંસી, કોઢ, શક્તિ, ઉલટી, શરદી, કફ, શ્વાસ, કબજિયાત, ડાયાબિટીસ, વા, ગાંઠો વાળો વા, એલર્જી, હૃદય રોગ, સોજા માટે ફાયદો કરે છે. નાગલીમાંનું ગ્લાઈસેમીક પદાર્થ લોહીમાં સુગરના પ્રમાણને કન્ટ્રોલમાં રાખે છે. નાગલી આખા વર્ષમાં ગમે ત્યારે ઉગાડી શકાય છે, એજ એની તાકાત છે. વાત અને પિત નાશક છે. સફેદ કરતાં લાલ રંગના અનાજમાં તત્વો ઓછા છે. શરીરને રુક્ષ કરે છે. મળને બાંધે છે. તુરી મીઠી અને થોડી કડવી છે. કેલ્શિયમ, આયર્ન, પ્રોટીન અને ફાઈબર પુષ્કળ છે. ફેટ ઓછું હોવાથી પાચનમાં હલકી છે. નાગલીમાં ટ્રીપ્યોફેન નામનું એમિનોએસિડ હોય છે. ભૂખ લાગતી ન હોવાથી ખોરાક ઓછો ખવાય છે. તેનું પાચન પણ ધીમુ ધીમું થાય છે. એલર્જીની બીમારીથી પીડાતા લોકો નાગલીનો આહાર લઈ શકે છે.

નવજાત શિશુ, અશક્ત લોકો, બીમાર માટે સારી છે. વિયેટનામમાં નાગલી બાળકના જન્મના સમયે સ્ત્રીઓને દવાના રૂપમાં આપવામાં આવે છે. નાગલી લોહી વધારે છે. હાડકાના સ્વાસ્થ્ય,ચામડી, ડાયાબિટીસ તેમજ વજન ઘટાડવા માટે ઉપયોગી છે. ચામડી માટે ફાયદાકારક. કુપોષણ, ડીજનરેટિવ રોગો અને અકાળે વૃદ્ધત્વ અટકાવે છે. યકૃત વિકાર, અસ્થમાં અને હૃદય નબળાઈમાં ફાયદો કરે છે.




પ્રધાનમંત્રની નરેન્દર મોદીએ 1921ના વર્ષના મિલેટ યર જાહેર કર્યું તે પછી દેશ અને દુનિયામાં તેનું મૂલ્ય સમજાવા માંડ્યું. તેની ડીમાન્ડ વધી ગઈ. આજે તેના ચાર ગણા ભાવ મળવા લાગ્યા છે. કારણ કે તેની માંગ વધી છે. જોકે જથ્થાબંધમાં કિલોએ 5થી 10 રૂપિયા ઓછા મળે છે. ભારત સરકારે ટેકાના ભાવમાં તેના રૂ. 42 રૂપિયાનો ભાવ ગણેલો છે, પરંતુ હોલસેલ બજારમાં તેનાથી વધારે ભાવે તે વેચાય છે. શહેરના લોકો તે મંગાવવા માંગતા હોય તો ટ્રાન્સપોર્ટ દ્વારા મોકલી આપીએ છીએ. આમ ખેડૂતો હવે સીધા બજારમાં વેચતા થયા છે.

## નાગલીનું ઉત્પાદન વધ્યું અને સખી મંડળને રોજગારી મળી

નાગલીનું ઉત્પાદન એક વીઘે 500થી 600 કિલો થાય છે. અહીં અનેક સખી મંડળી છે. જે નાગલી પર પ્રક્રિયા કરીને અનેક જુદી જુદી વસ્તુઓ બનાવે છે. તેનો લોટ એક કિલોના રૂ.100માં વેચે છે અને આખી નાગલી રૂ.80માં છૂટક તેઓ વેચે છે. મહિલા મંડળીઓ પાપડ બનાવીને વેચે છે. બિસ્કીટ, ચીકી કે ચક્રી બનાવે છે. શિરો બનાવવાનો રવો બનાવે છે. 3 મહિના સુધી લોટ ટકી રહે છે. સુરતમાં મેળો કરીએ ત્યાં માલ વેચાઈ જાય છે. આદિવાસી મહિલાઓના જૂથો મીલેટમાંથી બિસ્કિટ, પાપડ, સેવ, ચકરી અને સૂકી ભાખરી જેવા ઉત્પાદનો બનાવે છે. જેની ઘણી માંગ છે. આમ તેના મૂલ્ય વર્ધન કરનારાઓ પણ સતત વધી રહ્યા છે. નરેન્દ્ર મોદીએ તેને લોકપ્રિય બનાવી તેને પરિણામે નાગલીના ખેડૂતોના સારા દિવસો આવ્યા છે.

## વિસ્તાર

આમ તો નાગલી હલકું ધાન્ય છે. વલસાડ, નવસારી, તાપી, સુરત, નર્મદા જિલ્લાના આદિવાસીઓ નાગલીની ખેતી કરે છે. પર્વતો, ટેકરી અને ઢોળાવો પર તે થઈ શકે છે. 100થી 120 દિવસમાં પાક તૈયાર થઈ જાય છે. ઈથોપિયાના ઉચ્ચ પ્રદેશોમાંથી ભારતમાં 4 હજાર વરસ પહેલાં લાવ્યું હતું. હિમાલય જેવા પર્વતોમાં 2300 મીટર ઊંચાઈ પર નાગલી થઈ શકે છે. વિશ્વમાં 40 હજાર ચોરસ કિલોમીટરમાં વાવેતર થતું હોવાનો અંદાજ છે. ભારતમાં કર્ણાટક અને આંધ્ર પ્રદેશ રાજ્યોમાં નાગલીનો સૌથી વધારે વપરાશ કરવામાં આવે છે. કર્ણાટક, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, ઓડિશા, મહારાષ્ટ્ર, ગુજરાત અને ગોવામાં નાગલી વપરાય છે.

સહકારી મંડળી દ્વારા વેચાણ કરે છે. મંડળીમાં 400 સભાસદ છે. ડાંગ વઘઈ તાલુકા ફાર્મર ફ્રેન્ડ્ર એન્ડ ફાર્મર ઓર્ગેનિક કોપરેટીવ સોસાયટીના નામે આ મંડળી છે. મંડળી દ્વારા ખેડૂતોને નાગલીનું બિયારણ આપે છે. નવું બિયારણ નહીં પણ ખેતરમાં કંઠી સારી કણલસા નીકળે તેમાંથી સારા દાણા અલગ કરીને ફરીથી ખેતરમાં રોપે છે. ખેડૂતો પ્રાકૃતિક ખેતી માટેના પ્રમાણપત્ર અપાવવાનું કામ કરે છે.

**અતિશય વરસાદમાં અને ઓછા પાણીમાં પણ ટકી શકતી રાગી, બાંટવો કે નાગલીની ખેતી લોકપ્રિય છે કારણ કે તે સારી ઉપજ આપે છે. તેને કોઈ જ ખાતર આપવું પડતુ ન હોવાથી તે 100 ટકા કુદરતી ખેતી છે.**

## શાંતિ, ચિંતા, ડિપ્રેશન અને અનિંદ્રામાં ફાયદો

નાગલીનો ખોરાક તરીકે ઉપયોગ કરી શકાય છે. તેમાંથી પૂરી, ખીર, રાબ બને છે. નાગલીના દાણાને આથો લાવીને તેમાંથી બિયર બનાવવામાં આવે છે. દાણામાંથી માલ્ટ બને છે. નાગલીને આખી રાત પાણીમા પલાળીને બીજા દિવસે પાણી નિતારીને ફણગાવી શકાય છે. ફણગાવેલી નાગલીને સુકવી, તેનો લોટ બનાવીને રાગી માલ્ટ બનાવી શકાય છે. રાગીની રાબ બનાવવા રાગીના લોટને ઘી નાખી, ધીમે તાપે શેકવામાં આવે છે. ત્યારબાદ તેમાં ગોળનુ પાણી નાખી રાબ જેટલી જાડાઈ થાય ત્યા સુધી ઉકાળવાની હોય છે.







1

### નાગલીમાંથી બનતી ગોળપાપડી

નાગલીના લોટને ઘીમાં શેકીને તેમાં શેકેલો અને વાટેલો ગુંદર, બદામ, એલચી, જાયફળ, ગોળ ઉમેરીને પછી સામાન્ય સુખડીની જેમ સુખડીને થાળીમાં ફેલાવી દેવામાં આવે છે. તેને ફેલાવતા પૂર્વે થાળીમાં ઘી ચોપડી દેવામાં આવે છે. આ રીતે ફેલાવેલી ગોળપાપડી ઠંડી પડે એટલે તેના ચોસલા પાડી લો. ગોળ પાપડી તૈયાર થઈ જાય છે.

2

### નાગલીમાંથી પેનકેક પણ બનાવવામાં આવે છે

ગોળને દૂધમાં ઓગાળી રાગી, ઘઉ, ચોખાનો લોટ એક સરખા લઈ મિશ્રણ ઉમેરી ખીરુ તૈયાર કરવાનું હોય છે. આ રીતે તૈયાર કરેલા ખીરામા કેળાનો છુંદો અને એલચી પાવડર નાખી ગરમ કરી ખીરા ને પાથરી દેવામાં આવે છે. તેમાં બન્ને બાજુ ઘી નાખી ગુલાબી રંગ પકડે ત્યાં સુધી શેકી લેવાનું હોય છે.

3

### નાગલીમાંથી ચીલા-પુડા પણ બનાવી શકાય

નાગલીનો લોટ લઈને તેમાં ડુંગળી, ટામેટાં, મરચાં, ધાણા, જીરુ અને મીઠું નાખી ખીરુ તૈયાર કરી દો. ગરમ કરી ખીરા ને પાથરો. બન્ને બાજુ ઘી/તેલ નાખી ધીમા તાપે ગુલાબી શેકી લો. સ્વાદિષ્ટ ચીલા પણ થોડી મિનિટોમાં બની જાય છે.

## હેક્ટરદીઠ સરેરાશ ઉત્પાદન 1154 કિલો

ડાંગ જિલ્લા કૃષિ અધિકારી હર્ષદ પટેલ કહે છે કે, 2022માં અહીં હેક્ટર દીઠ 1,154 કિલો રાગીનું ઉત્પાદન થતું હતું. કુલ મળીને 8500 હેક્ટર જમીનમાં તેની ખેતી થાય છે. તેને આધારે ત્રિરાશી માંડવામાં આવે તો ડાંગમાં 98 લાખ કિલો રાગી પાકે છે. દક્ષિણ ભારત પછી નાગલીની ખેતી કરતાં ડાંગ જિલ્લો સૌથી મોટો વિસ્તાર ગણાય છે. ડાંગ જિલ્લાના 58 હજાર 822 હેક્ટર ખેતી લાયક વિસ્તાર છે. 2022 સુધીમાં 25 હજાર 131 હેક્ટર વિસ્તારમા પ્રાકૃતિક ખેતી થતી હતી. 18 હજાર 400 ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. ખેતીની તાલીમ આપવા માટે 350 વ્યક્તિઓ છે. મુખ્ય તાલીમ આપનારા 24 હજાર ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપી છે. ડાંગ જિલ્લાના 311 ગામોમાં ગામદીઠ પાંચ ખેડૂતો મુજબ 1465 મોડેલ ફાર્મ છે.

## રાગી મુદ્દી

રાગી મુદ્દી બનાવવા લોટ પાણીમાં ઉકાળી ઘટ્ટ થાય તેમાં ગોળ બનાવીને ઘી લગાવીને સંભાર સાથે ખાવામાં આવે છે. આમ ઇડલી સાંભારની જે સ્વાદિષ્ટ વાની તેમાંથી તૈયાર થાય છે.

## નાગલી ગામ

ગુજરાત રાજયના સુથારપાડા ગામમાં નાગલીની પાપડી બનાવતું મહિલા મંડળ છે. જંગલોથી ભરપૂર ડુંગરાળ પ્રદેશમાં આવેલું ગામ છે. નાગલી, ડાંગર, વરાઇ જેવાં ધાન્યો પાકે છે. અહીંના લોકો કુકણા બોલી બોલે છે, જે ગુજરાતી ભાષાથી સવા જુદી બોલી છે.



## નાગલીમાંથી આરોગ્યપ્રદ બેબી ફૂડ પણ બને છે

નાગલીને રાત્રે પાણીમાં પલાળી રાખો. સવારે નાગલીને પાણીમાંથી બહાર કાઢી બારીક વાટીને ગાળી લો. ત્યારબાદ તેના સત્ત્વને વાસણના તળિયે જમા થવા દો. ધીમે ધીમે તેનું સત્વ તળીયે જામી જશે. ઉપરનું પાણી કાઢી સોપારી જેવડી ગોળીઓ વાળી તાપમાં સૂકવી દો. આ રીતે તૈયાર કરેલી ગોળીને પાણીમાં બાફી બાળકને આપી શકાય છે. તેમાંથી બેબી ફુડ પણ બનાવવામાં થાય છે. રાગી કે નાગલીમાંથી મોટી ડબલ રોટી, ઢોસા અને રોટી પમ બને છે.

## 10 ગ્રામની કિંમત રૂ. 50,000

# મધમાખીનું ઝેર

## મધમાખી પાલકોને કરાવી શકે તગડી કમાણી



આયુર્વેદમાં મધમાખીના મધને પંચામૃત એટલે કે પાંચ અમૃતમાંથી એક ગણવામાં આવ્યું છે. મધ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ગુણકારી છે. એટલે જ આજે માર્કેટમાં તેની ખૂબ બોલબાલા છે. પરંતુ શું તમે જાણો છો કે મધમાખીનું ઝેર પણ ગુણકારી છે? તેનો વ્યાપક ઉપયોગ દવા બનાવવામાં થાય છે. તેની કિંમત 1 તોલાના રૂ. 50,000થી 60,000 જેટલી મળે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં મધ રૂ. 2 કરોડ પ્રતિ કિલોના ભાવે પણ વેચાય છે. મધમાખીના ઝેર પર વિશ્વભરમાં રિસર્ચ થઈ રહ્યું છે અને તેનાથી એઈડ્સ, સ્તન કેન્સર, સંધિવા તથા કરોડરજ્જુના જટિલ રોગોની દવા બનાવવા અંગે સંશોધન ચાલી રહ્યું છે. મધમાખી પાલન કરનારાઓ માટે મધમાખીનું ઝેર એક ખૂબ કિંમતી બાયપ્રોડક્ટ બની શકે છે.

### 1 કિલો ઝેર એકઠું કરવામાં કેટલો સમય લાગે?

મેમદાવાદમાં મધમાખીની 4000 પેટી ધરાવતા અર્જુન સિંહ ઝાલા જણાવે છે, મધમાખીની 100 પેટી હોય તો દર 15 દિવસે 1 તોલા ઝેર કાઢી શકાય છે. તેનો બજારમાં ભાવ રૂ. 50,000થી 60,000 જેટલો મળે છે. ખેડૂતો પાસેથી દલાલો બી વેનમ ખરીદીને આગળ કંપનીને સપ્લાય કરે છે. ઘણા ખેડૂતોનું સીધું ફાર્મા કંપની સાથે ટાઈ અપ હોય છે. જો કે અર્જુન સિંહે એમ પણ જણાવ્યું કે મધમાખીનું ઝેર કાઢવાની પ્રક્રિયા સમય અને શક્તિ માંગી લે તેવી છે. ઓછી પેટી હોય તેવા ખેડૂતો માટે આ જફા કરવી શક્ય છે, પરંતુ વધારે પેટી હોય ત્યારે તેના માટે સમય ફાળવવો મુશ્કેલ બની જતો હોય છે. સામાન્ય રીતે ઑફ સીઝન એટલે કે જૂનથી સપ્ટેમ્બરના ગાળામાં મધમાખી પાલકો તેનું ઝેર કાઢવાના પ્રયોગો કરતા હોય છે. મધમાખીનું મધ કાઢવાની ટ્રેનિંગ કેવીકે અને બગાયત સેન્ટર દ્વારા આપવામાં આવે છે.

એક બોક્સમાં જો 25,000 મધમાખી હોવાનું ગણિત માંડીએ તો 1700 જેટલી પેટીમાંથી 1 કિલો ઝેર કાઢી શકાય છે. મધમાખી આ ઝેર તેની ઝેર ગ્રંથિમાંથી ઉત્પન્ન કરે છે. તેના ડંખ સાથે આલ્કલાઈન અને એસિડિક સ્રાવ કરતી બે ગ્રંથિઓ પણ જોડાયેલી હોય છે. ડંખ દ્વારા એક વખતમાં તે 0.01થી 0.03 મિલિગ્રામ ઝેર બહાર કાઢે છે. આમ 1 મિલિ ઝેર કાઢવા માટે લગભગ 1000 ડંખની જરૂર પડે છે.




### કેવી રીતે કાઢી શકાય મધમાખીનું ઝેર?

મધમાખીનું ઝેર કાઢવા માટે વેનમ કલેક્ટર મશીનની જરૂર પડે છે. આ મશીનની પ્લેટની ટોચ પર એક ઈલેક્ટ્રિક વાયર હોય છે. તેની સાથે 9 વોલ્ટની બેટરી જોડવામાં આવે છે. આ પ્લેટ પર રાખેલા છોડ પર જ્યારે મધમાખી ડંખ મારે ત્યારે બેટરીમાંથી મધમાખીને ઝટકો લાગે છે અને ડંખમાંથી ઝેર બહાર આવી જાય છે. આ ઝેરને ખોતરીને એકત્રિત કરવામાં આવે છે. તેની નિકાસ કરતા પહેલા ડીપ ફ્રીઝિંગ કરવામાં આવે છે. ઝેર કાઢવા માટે મધમાખીને આપવામાં આવતા કરન્ટથી મધમાખીને કોઈ નુકસાન થતું નથી.




### પોષકતત્વોથી ભરપૂર મધમાખીનું ઝેર:

મધમાખીના ઝેરમાં મેલિટીન નામનું પ્રોટીન રહેલું છે. આ ઉપરાંત તેમાં 26 પ્રકારના એમિનો એસિડ રહેલા હોય છે. મધમાખીના ઝેરમાં એપામાઈન પ્રોટીન, ફોસ્ફોલાઈપેઝ, પેપ્ટાઈડ અને હિસ્ટેમાઈન જેવા અનેક એન્ઝાઈમ્સ અને ખનીજો રહેલા હોય છે. તેનો ઉપયોગ આથ્રાઈટિસ, નર્વસ સિસ્ટમને લગતા રોગોમાં તથા સોજો ઓછો કરવા માટે થાય છે. સંધિવા, સ્નાયુની પીડા, તીવ્ર દુઃખાવા, મજ્જા તંતુના રોગો, કેન્સરના કોષોની વૃદ્ધિ, અસ્થમા, ત્વચાના રોગો વગેરેમાં મધમાખીનું ઝેર અસરકારક ઉપચાર છે. તેનો ઉપયોગ મુખ્યત્વે દવા, ઘરગથ્થુ ઉપચાર, કોસ્મેટિક્સની બનાવટમાં થાય છે.

### ગુજરાતમાં મધમાખીનું ઝેર મેળવવું મુશ્કેલ?

જામનનગરમાં મધમાખીનું ઝેર કાઢવાનો પ્રયોગ કરી ચૂકેલા હરસુખભાઈ ભીમાણીનું માનવું છે કે ગુજરાતની આબોહવા મધમાખીનું ઝેર કાઢવા માટે અનુકૂળ નથી. તેમણે જર્મનીથી બી વેનમ કલેક્ટર મશીન મંગાવ્યું હતું. આમ છતાં તેમને ધારી સફળતા મળી નથી. તેમનું માનવું છે, "મધમાખીનું ઝેર કાઢવા માટે કન્ટિન્યુઅસ માખીઓનો ગ્રોથ જરૂરી છે. જ્યાં બારે માસ નેક્ટર અને પોલન મળતા હોય તેવા સંજોગોમાં વેનમ કલેક્ટ કરવું જરૂરી છે. ગુજરાતમાં જંગલો અને ફૂલોના બગીચાના અભાવે મધમાખીઓને જુદી જુદી જગ્યાએ લઈ જવી પડે છે. મધમાખીનું ઝેર કલેક્ટ કરવા પેટીને લાંબો સમય એક જ જગ્યાએ રાખવી જરૂરી બની જાય છે. આથી અહીં વેનમ કલેક્ટ કરવું મુશ્કેલ બની જાય છે."





# સરગવાની ખેતી ખેડૂતોની આવક અને લોકોનું આરોગ્ય બંને સુધારી શકે

તમને હૃદયરોગની સમસ્યા છે? તમારા હાડકાં બટકણાં બની ગયા છે? આ બંને બીમારીઓ માટે એટલે કે હૃદયની તન્દુરસ્તી જાળવી રાખવા માટે અને હાડકાંને મજબૂત બનાવવા માટે સરગવો સૌથી સારો આહાર ગણાય છે. તમને ડાયાબિટીસની સમસ્યા છે? સરગવો તમને ડાયાબિટીસ ઓછો કરવામાં જરૂર મદદ કરશે. અંગ્રેજીમાં સરગવો મોરિન્ગા ઓલિયેફેરા કે ડ્રમસ્ટીક તરીકે પણ જાણીતો છે. સરગવો માત્ર શારીરિક તન્દુરસ્તી વધારે છે તેવું નથી. ખેડૂતોની આર્થિક તન્દુરસ્તી વધારવાને પણ તે સક્ષમ છે. ઓછી મહેનત અને ઓછા ઈન્વેસ્ટમેન્ટ પર જબરદસ્ત વળતર અપાવી શકે છે સરગવો. વાસ્તવમાં સરગવો એક ઉત્તમ પોષક આહાર પણ છે. મનુષ્ય અને ખેડૂતો બંનેની શારીરિક અને આર્થિક તન્દુરસ્તી સુધારવાને સક્ષમ સરગવાની ખેતી ખેડૂતો માટે નફાકારક વિકલ્પ બની રહી છે.

તમે પૂછશો કે સરગવાની ખેતી કરવાથી શાં લાભ થાય છે તે તો જણાવો. લ્યો કહી દઈએ.

સરગવાના ઝાડ પર દુષ્કાળની ઓછી અસર થાય છે. આમ ઓછા પાણીએ વિષમ સ્થિતિમાં ટકી શકવાનું સામર્થ્ય સરગવાનું વૃક્ષ ધરાવે છે. સરગવાના ઝાડની રોપણી કર્યા પછી જાળવણી બહુ કરવી પડતી ન હોવાથી ખર્ચ ઓછો આવે છે. તેથી જ તેની ખેતી લાભદાયક-નફાકારક બની શકે છે. બીજું, ભારત દેશની જુદી જુદી આબોહવા વચ્ચે પણ

**એક વિઘા જમીનમાં અંદાજે 80થી 100 મણ સરગવો થાય છે અને બજારમાં મણના રૂ. 1000થી 1200 ઉપજે છે.**

સરગવો ટકી રહેવાને સક્ષમ છે. સરગવાના પાન, સરગવાની સિંગ-ફળી અને સરગવાના ફૂલ પોષક તત્વોનો ખજાનો ગણાય છે. તેમાંથી ખેડૂતો જોરદાર આવક કરી શકે છે.

આમ તો દક્ષિણ ભારતના રાજ્યોમાં એટલે કે તામિલનાડુ, કર્ણાટક, કેરળ અને આન્ધ્ર પ્રદેશમાં સરગવાની ખાસ્સી ખેતી થાય છે. સરગવાની ખેતીનું મુખ્ય કેન્દ્ર ગણાય છે દક્ષિણ ભારત. મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં પણ સરગવાની ખેતી થાય જ છે. આ રાજ્યોમાં સરકાર સરગવાની ખેતી કરનારાઓને સબસિડી પણ આપે જ છે. તામિલનાડુની સરકાર તો એક ક્લસ્ટર-ઝુમખામાં મોટેપાયે સરગવાની ખેતી થાય તેવું ઈચ્છી રહી છે.

ગુજરાતમાં પણ તેની ખાસ્સી ખેતી થાય છે. કચ્છમાં પણ તેનું વાવેતર થાય છે. પોરબંદર, જૂનાગઢના વિસ્તારમાં તેની ખાસ્સી ખેતી થાય છે.

ભાવનગરના સિહોર તાલુકાના ચોરવડલા ગામમાં પાંચ વર્ષથી સરગવાની ખેતી કરતાં તલકસી પરમાર (98256 16628) કહે છે, "સરગવાની ખેતી ઓછો ખર્ચ કરીને સારુ વળતર અપાવતી ખેતી છે. પહેલા વરસે જ સારો ફાલ અને સારા ભાવ મળ્યા હતા. અત્યારે બજારમાં મણના રૂ. 1000 તો મળી જ રહે છે. પાણીને ઓછું પકડી રાખનારી નિતારવાળી જમીનમાં સરગવાની ખેતી કરી શકાય છે. છ ફૂટ બાય પાંચ ફૂટના અંતરે સરગવાના બીજનું વાવેતર કરી શકાય છે. પહેલા વરસે વાવેતર કર્યા પછી 90 દિવસમાં સરગવો આવવાનો ચાલુ થઈ ગયો હતો. તેમાં રાસાયણિક ખાતર બહુ નાખવાની જરૂર પડતી નથી. જીવામૃત પણ નાખી શકાય છે." હા, સરગવામાં ફુગ લાગે છે. પરંતુ ફૂગનાશક દવા નાખી ઉપચાર કરી શકાય છે. એક વિઘામાં સરગવાની ખેતી કરવા માટે બિયારણ, ખાતર, પિયત સહિત માંડ 5000નો ખર્ચ થાય છે. તેની સામે પહેલા જ વરસે વિઘે અંદાજે 35000થી 40,000ની આવક મળી હતી.

તલકસી પરમારને તો પહેલા વરસે મણના અંદાજે રૂ. 1000ના ભાવ મળ્યા હતા. બીજા વરસે તેમાં ખાસ કોઈ ખર્ચ કર્યા વિના જ સારા ઉતારા મળ્યા હતા. તલકસી પરમાર કહે છે, "પહેલો ફાલ લઈ લીધા પછી ઉપરથી છોડનું કટિંગ કરી દેવામાં આવે તો બે મહિનામાં સરગવો બેસવાનો ચાલુ થઈ જાય છે. ખેતરના શેઢા-પાડા પર પણ સરગવાની ખેતી કરી શકાય છે. તેમ જ પૂરા ખેતરમાં સરગવાની ખેતી કરીને વચ્ચે આંતરપાક પણ લઈ શકાય છે."

સરગવાની ખેતી માટે જમીનની વાત કરતાં તલકસી પરમાર કહે છે, સરગવાની ખેતી કોઈપણ જમીનમાં થઈ શકે છે. ખારાશવાળી જમીનમાં પણ સરગવો થઈ શકે છે. પરંતુ મીઠું પાણી ધરાવતી નિતારવાળી એટલે કે વધુ પાણીને પકડી ન રાખતી જમીન હોય તો તે વધુ અનુકૂળ ગણાય છે. ખારા પાણીમાં પણ સરગવો થઈ શકે છે. પરંતુ તેનો વિકાસ ધીમો હોય છે. પથરાળ જમીનમાં સરગવો વધુ સારી રીતે થાય છે. તેમાં સરગવો જોઈતું પાણી લઈ લે છે. બાકીનું પાણી વહી જાય છે. આમેય સરગવાને ઓછું પાણી જોઈતું હોય છે.

સરગવાનું બીજ પણ રોપી શકાય છે અને છોડ પણ રોપી શકાય છે. બંને રીતે તેની ખેતી થઈ શકે છે. હું બીજ રોપવાનું પસંદ કરું છું. એક વિઘા જમીન માટે માત્ર 300થી 350 ગ્રામ બીજની જરૂર પડે છે. ચારથી પાંચ હજાર રૂપિયે કિલોના ભાવથી સારી ગુણવત્તાનો સરગવો મળે છે. તલકસી પરમાર કહે છે, "હું મારા ખેતરમાં પોતે જ બીજ તૈયાર કરી લઉ છું. મારા ખાતરમાં સારા જણાતા સરગવાના


**સરગવાનો પાવડર અને સૂપ હૃદયરોગ સામે રક્ષણ આપવાને સમર્થ હોવાનું તબીબો માને, સ્વીકારે છે**

વૃક્ષમાંથી સિંગ ઉતારતો જ નથી. તેને બીજમાં રૂપાંતરિત થવા માટે પાકવા દઉ છું. બીજ સડી ન જાય તેનું ધ્યાન રાખવું પડે છે. બીજને સડો ન લાગે તે માટે લીમડાંના તેલ સહિત અન્ય દવાઓનો છંટકાવ કરવામાં આવે છે."

બીજનું વાવેતર કરતી વખતે બે હાર વચ્ચે આઠેક ફૂટનું અને બે છોડ વચ્ચે 4થી 5 ફૂટનું અંતર રાખીએ છીએ. આ રીતે વિઘામાં અંદાજે 350થી 400 છોડ રોપી શકાય છે. બીજ રોપ્યા પછી આઠથી દસ દિવસે તે અંકુરિત થાય છે. બીજ અંકુરિત થયા પછી 90 દિવસનો થાય તે પછી તેના પર સિંગ બેસવા માંડે છે. સિંગ બેસવા માંડે પછી દસથી પંદર દિવસે તે કાપીને બજારમાં વેચી શકાય છે. સરગવાની બીજી ખાસિયત એ છે કે એકવાર સિંગ બેસવા માંડે પછી બીજા ચોમાસા સુધી તેના પર સિંગ-ફળી બેસ્યા જ કરે છે. કાપણી કર્યા કરો અને નવો ફાલ આવ્યા જ કરે છે. દર આઠથી દસ દિવસે ઉતારા મળ્યા જ કરે છે. એક સીઝનમાં એક વિઘામાં 50થી 80 મણના ઉતારા આપે છે. મે અને જૂન મહિનામાં સરગવાનું વાવેતર કરી શકાય છે.

હા, સતત વરસાદ પડતો હોય તો તે સરગવાને અનુકૂળ જણાતું નથી. અતિશય વરસાદ પડે તો તેને ફૂગ લાગી જવાની સમસ્યા નડે છે. તેથી વરસાદ ચાલુ થઈ જાય તે પૂર્વે જ તેના બીજ અંકુરિત થઈ જાય અને છોડ વિકસવા માંડે તો ચોમાસામાં અતિવૃષ્ટિ થાય તો મૂળીયામાં ફૂગ લાગી જવાની અને છોડવો ખતમ થઈ જવાની સંભાવના રહેલી છે. તેને માટે ફૂગનાશક પ્રવાહી કે પાવડરનો ઉપયોગ કરી શકાય છે. ફૂગથી બચાવવા અને પોષણ આપવા માટે







માત્ર જીવામૃતનો પણ ખેડૂતો ઉપયોગ કરી શકે છે. વાવણી કરતી વખતે ખેડ, બિયારણ અને ફુગનાશક નાખવા માટે અંદાજે રૂ. 5000નો ખર્ચ થાય છે. મજૂરી ખર્ચ ઓછો જ લાગે છે. રૂ. 500થી 600નું વેતન લેતા બે દાડીયા દિવસમાં 20થી 25 મણ જેટલી સિંગ ઉતારી આપે છે. મણના અંદાજે રૂ. 1200ની આસપાસના ભાવ મળી રહે છે. ભાવનગરમાં તો સિંગ લેવા વેપારીઓ સામેથી આવી જાય છે. ભાવનગરના ખેડૂતોને તેમાં લાભ દેખાયો છે. ભાવનગરના 40થી 45 ટકા ખેડૂતો સરગવાની ખેતી તરફ વળ્યા છે. હા, લસણ અને ડુંગળીની ખાસ્સી ખેતી તેઓ કરી રહ્યા છે. ભાવનગરમાંથી વેપારીને 50 ટન માલ જોઈતો હોય તો આરામથી મળી રહે છે. સરગવાનો ફાલ સતત લીધા બાદ ત્રીજા ચોથા મહિને તેના છોડને ઉપર ઉપરથી થોડો કાપી લેવામાં આવે છે. ત્યારબાદ ફરી ત્રીસેક દિવસમાં નવો ફાલ બેસવાનો ચાલુ થઈ જાય છે. આ ગાળામાં પ્રાકૃતિક ખેતી કરનારાઓ પ્રાકૃતિક ખાતર આપી શકે છે. તેમ જ ઓર્ગેનિક ખેતી કરનારાઓ ઓર્ગેનિક ખાતર આપી શકે છે. રાસયાણિક ખાતરનો વિકલ્પ પણ ખુલ્લો જ છે. બસો ચારસો ગ્રામ ખાતરથી કામ પતી જાય છે. આ જ રીતે ડ્રિપ ઈરિગેશનમાં પોષક તત્વો આપી શકાય છે. ઊનાળામાં તેને ટપક સિંચાઈથી થોડું થોડું પાણી આપી શકાય છે.

**માત્ર રૂ. 5000થી રૂ. 8000નો ખર્ચ કરીને એક વિઘા જમીનમાં સરગવો ઉગાડનાર ખેડૂતનો સીઝન સારી જાય તો રૂ. 80,000થી રૂ. 1,20,000 મળી શકે છે.**







સરગવાની ખેતીથી મળનારા લાભની જાણકારી ભારત સરકાર ધરાવે છે. તેથી જ સરગવાની ખેતી કરનારા ખેડૂતોને સરકાર ટેકો આપી રહી છે. સરગવાની ખેતી એક જ વિસ્તારમાં મોટેપાયે થવા માંડે તેવી સરકારની ઈચ્છા છે. તેના ક્લસ્ટર-ઝુમખા બને તેવી સરકારની અપેક્ષા છે. બીજીતરફ સરગવાની ખેતી કરવા માટે જરૂરી માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે અપેડા મદદ કરી રહ્યું છે. સરગવાની નિકાસ કરવાનો પણ સારો અવકાશ છે. વિશ્વમાં સરગવાનું બજાર વધી રહ્યું છે.

2022ની સાલમાં સરગવાનું વિશ્વ બજાર અંદાજે 950 કરોડ ડૉલરના મૂલ્યનું હતું. 2030 સુધીમાં આ બજાર વધીને 1820 કરોડ ડૉલરને આંબી જાય તેવી ધારણા બાંધવામાં આવી રહી છે. સરગવાનું સૌથી વધુ ઉત્પાદન ભારતમાં થાય છે. વિશ્વની સરગવાની કુલ ડિમાન્ડમાંથી 80 ટકા ડિમાન્ડ ભારત પૂરી કરે છે. ભારતના ખેડૂતો ક્વોલિટી સરગવાનું ઉત્પાદન કરીને વિશ્વ બજારમાં પોતાનું વર્ચસ્વ હજીય વધારી શકે છે. વિશ્વ બજારમાં મોટી ઊથલપાથલ લાવવાની પણ ભારતીય ખેડૂતો અને નિકાસકારો સક્ષમ છે. તેને માટે ઓનલાઈન માર્કેટિંગના પ્લેટફોર્મનો પણ ઉપયોગક કરી શકે છે. સરગવા ઉપરાંત હવે સરગવાનો પાવડર, સરગવાનું તેલ બનાવીને તેની નિકાસ કરીને ખેડૂતો કે નિકાસકારો આવકમાં વધારો કરી શકે છે.

ભારતની પ્રજાને વધુ તન્દુરસ્ત બનાવવા માટે પણ સરગવાની ખેતી કરવી જરૂરી છે. સરગવાને એક ચમત્કારિક છોડ તરીકે પણ ઓળખાવવામાં આવે છે. તેથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારમાં તેનો ડંકો વાગી રહ્યો છે. વિશ્વના દેશો વધુ પોષક આહાર પર નજર નાખી રહ્યા છે. પોષક આહારની વધનારી ડિમાન્ડને પહોંચી વળવામાં ભારતના ખેડૂતો સક્ષમ છે.

સરગવાની ઉપજ વધારવી તે સમયનો તકાદો છે. સમતોલ વરસાદ પડતો હોય અને જમીનમાં પાણીનો વધુ પડતો સંચય ન થયો હોય અને વરસાદનું પાણી વહી જતુ હોય તેવી રેતાળ જમીનમાં સરગવાની ખેતી થઈ શકે છે. સૂકા પ્રદેશમાં પણ સરગવાની ખેતી થઈ શકે છે. રેતાળ જમીનમાં કુદરતી ખાતર કે પછી



અન્ય ખાતર ઉમેરીને જમીનને વધુ ફળદ્રુપ બનાવી શકાય છે. બે છોડ વચ્ચે ઉપર જણાવ્યા મુજબનું અંતર રાખીને વાવણી કરી શકાય છે. છોડને પૂરતો સૂર્ય પ્રકાશ મળે અન હવાની પૂરતી અવરજવર થતી રહે તે રીતે તેની રોપણી કરવી જોઈએ. તેમ કરવાથી છોડોની તન્દુરસ્તી જળવાઈ રહે છે અને ઉત્પાદનમાં વધારો થાય છે. રાયડોનો પાવડર મિક્સ કરેલો રગડો છોડના મૂળમાં નાખીને સરગવાના વિકાસને અને સરગવાના ઉત્પાદનમાં વધારો કરી શકાય છે. સમયાંતરે જંતુનાશક દવાઓનો કે જીવામૃતનો છંટકાવ કરીને સરગવાને થતાં નુકસાનથી બચી શકાય છે. ઓછા પાણી કે દુષ્કાળના માહોલમાં પણ સરગવો ડકી શકે તેમ હોવાથી માત્ર ઊનાળામાં તેને થોડું પાણી આપવું જોઈએ.

**સરગવાના ઝાડ પર દુષ્કાળની ઓછી અસર થતી હોવાથી દુષ્કાળમાં વિષમ સ્થિતિમાં ટકી શકવાનું સામર્થ્ય સરગવાનું વૃક્ષ ધરાવે છે. ખાતરની પણ બહુ જરૂર પડતી નથી**

# ડાયાબિટીસ- કેન્સર સહિતના અનેકરોગોમાં અકસીર છે, સરગવો

ચામડી અને વાળને તન્દુરસ્ત બનાવવાની ક્ષમતા ધરાવે છે સરગવાનું તેલ. ચામડી પર પડેલો જખમ સરગવાનું તેલ લગાવવાથી વધુ ઝડપથી રુઝાઈ જાય છે. શરીરના કોઈપણ અવયવમાં પ્રવાહી જમા થઈ જતું હોય અને તેને કારણે પીડા થતી હોય તો તેના પર સરગવાનું તેલ લગાવવામાં આવે તો સોજો ઉતરી જાય છે. કાનના આંતરિક અવયવોમાં સોજો આવ્યા પછી તેના પર સરગવાનું તેલ લગાવવામાં આવતા સોજો ઉતરી ગયો હોવાનું અખતરાઓમાં સાબિત થયું છે.



સરગવો યકૃત-લીવરને રક્ષણ આપવાનું કામ પણ કરે છે. નોન આલ્કોહોલિક ફેટી એસિડની સમસ્યાથી પીડાતા યકૃતની સારવાર સરગવાથી થઈ શકે છે. સરગવાનો ઉપયોગ કરવાથી કોલેસ્ટરોલ ઓછું થાય છે. શરીરના અવયવો પરના સોજા ઓછા થાય છે.

કેન્સરની સારવાર કરવામાં પણ સરગવો અકસીર ગણાય છે. સરગવામાંના નિયાઝિમાઈસિનના ઘટકો કેન્સરના કોશોને વિકસતા અટકાવે છે.આંતરડાંની બીમારીને હળવી કરવાનું કામ પણ સરગવો કરી શકે છે. આંતરડાંમાં જમા પડેલો જૂનો મળ દૂર કરવાની કામગીર પણ સરગવાનો પાવડર કરી શકે છે. આંતરડાંમાં ચાંદા પડી જવાની તકલીફમાં પણ સરગવો રાહત આપી શકે છે. પેટમાં જુદાં જુદાં જીવાણુંઓને વધતા અટકાવવા એક એન્ટિબાયોટિક તરીકેનું કામ પણ સરગવાનો પાવડર કરે છે. સરગવાના પાવડરમાંથી વિટામિન એ, બી અને સી મળી રહે છે. તદુપરાંત તેમાંથી કેલ્શિયમ, પોટાશિયમ, આયર્ન અને મેગ્નેશિયમ પણ ળે છે. સરગવામાં 18 પ્રકારના એમિનો એસિડ છે. જુદાં જુદાં પ્રોટિનના પ્રમાણને જાળવી રાખવાની કામગીરી આ એસિડ કરે છે. લોહીમાંના સુગરના પ્રમાણને નિયંત્રણમા રાખવાની કામગીર પણ સરગવો કરી શકે છે. ડાયબિટીસના દરદીઓ માટે સરગવો લાભદાયી છે. સરગવો આંખનું તેજ અને દ્રટિ વધારવાને સક્ષમ છે. તેમ જ રોગપ્રતિકારક શક્તિમાં પણ વધારો કરે છે. શરીરમાંના વિષારી કે હાનિકારક ઘટકોને દુર કરવાની તેની ક્ષમતાને કારણે હૃદયની તન્દુરસ્તીમાં સુધારો થાય છે. હૃદયરોગની સમસ્યા સામે રક્ષણ આપે છે. દમના દરદીઓને પણ સરગવાના પાવડરથી રાહત મળે છે. તેને કારણે ફેંફસાની કાર્યક્ષમતામાં સુધારો થાય છે. હોર્મોનની અસમતુલા દૂર કરવાની કામગીરી પણ સરગવો કરે છે. મેનોપોઝ દરમિયાન લાભદાયી બને તેવા હોર્મોનને સમતોલ કરવાની કામગીરી સરગવો કરે છે. હાડકાંમાંનું કેલ્શિયમ ઘટી જતાં બટકણા બની જતાં હાડકાંના કેલ્શિયમને વધારવામાં અને તેની તન્દુરસ્તી જાળવી રાખવામાં સરગવો મહત્વની ભૂમિકા ભજવે છે. દાંતની તન્દુરસ્તી જાળવવામાં પણ સરગવાની ભૂમિકા મહત્વની રહે છે.



ગરમરનું ગરમાગરમ બજાર

# સફેદ ગરમરની 20 વર્ષથી ઔષધીય ખેતી કરે છે ગુજરાતના ખેડૂત

**ઔષધીય ગુણોને કારણે ડાયાબિટીસના દર્દીઓમાં ગરમરની ખાસ્સી માંગ રહે છે.**

**ફાર્માસ્યુટિકલ કંપનીઓ કોન્ટ્રેક્ટ ફાર્મિંગના ધોરણે ગરમર ખેડૂતો પાસેથી સીધી ખરીદી લે છે.**

**મહેનત માંગી લેતી ગરમરની ખેતીમાં ખેડૂતોને વળતર પણ સારું જ મળે છે.**

ગુજરાતમાં ઉનાળાની ઋતુ આવે એટલે ગરમરની બોલબાલા વધી જાય છે. ગુજરાતના ઘણા ઘરોમાં ગરમરનું અથાણું ખવાય છે. ગરમર એ એક ઓક્ટોપસ આકારનું કંદમૂળ છે. તેના અનેકવિધ ગુણકારી તત્વોને કારણે તેને આયુર્વેદમાં ઔષધી માનવામાં આવે છે. મીઠી પેશાબ, સાંધાના દુ:ખાવા, હૃદય રોગમાં ગરમર ઉપયોગી છે.

ગરમરનો પાક ઉનાળાના મહિનામાં ઉતરે છે. તાજી તાજી ગરમરમાંથી જ અથાણા બનાવવામાં આવે છે. ધારીના લાઈનપરાના 55 વર્ષના ખેડૂત ચંદુભાઈ શંભુબાઈ રૂડાણી છેલ્લા 20 વર્ષથી સફેદ ગરમરની એકધારી ખેતી કરે છે. આટલા વર્ષોની ખેતીને કારણે તેમની પાસે એક પ્રકારનું પરંપરાગત બિયારણ તૈયાર થઈ ગયું છે. તેઓ ગરમરની ખેતી સંપૂર્ણરીતે પ્રાકૃતિક પદ્ધતિથી કરે છે. સામાન્ય રીતે વેરાવળના પટ્ટામાં કાળી ગરમરનો પાક લેવાય છે. પરંતુ ચંદુભાઈ તેમાં અપવાદ છે. તેઓ સફેદ ગરમરની ખેતી કરીને સારી કમાણી કરે છે.

20 વર્ષથી ગરમરનો પાક લેતા ચંદુભાઈનો નિયમ છે કે તે પોતાની પેદાશ વેપારીને વેચતા જ નથી. તેમનું માનવું છે કે વેપારી આ જ ઉત્પાદન દોઢા ભાવે વેચે છે. આથી તેઓ પોતાના ખેતરેથી જ સીધી ગરમર લોકોને વેચે છે. ઉનાળાના લગભગ બે મહિના સુધી તેમના ખેતરે સવારે 7 વાગ્યાથી મોડી સાંજ સુધી લોકો ગરમર લેવા આવે છે. તેઓ જણાવે છે, "લોકો બેથી અઢી કિલો ગરમર લઈ જાય છે. અમે ખેતરમાંથી ગ્રાહકની નજર સામે જ તાજી ગરમર કાઢીને આપીએ છીએ." ઉનાળાના મહિનાઓમાં તેઓ લગભગ 12 કલાક ખેતર ઉપર હાજર રહે છે. સૌરાષ્ટ્રના શહેરો, અમદાવાદ, વડોદરા અને છેક સુરત સુધી તેઓ બસમાં પોતાનો માલ પહોંચાડે છે. ઘણા ગ્રાહકો તો એવા પણ છે જે તેમની પાસે 15 કિલો ગરમર મંગાવે છે.

## ફાર્માસ્યુટિકલ કંપનીઓ આખે આખા ખેતરનું ઉત્પાદન ખરીદી લે છે:

રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક અને તામિલનાડુમાં ગરમરનું મોટા પાયે ઉત્પાદન થાય છે. તેના ઔષધીય ગુણોને જોતા ઘણી ફાર્માસ્યુટિકલ કંપનીઓ ખેડૂતોને કોન્ટ્રેક્ટ આપીને આખે આખું ઉત્પાદન ખરીદી લે છે. ગરમરને આવનારા સમયનું સુપરફૂડ માનવામાં આવે છે.



## મહેનત માંગી લે તેવી ખેતી

ચંદુભાઈ કહે છે કે, "ગરમરની ખેતી ઘણી મહેનત માંગી લે તેવી છે. તેને ત્રણ વખત રોપવી પડે છે અને દર ત્રીજા દિવસે તેને પાણી આપવું પડે છે. તેના કંદમૂળની શાખના ડોકા કાપીને તેને બિયારણ તરીકે વાવવા પડે છે. હું મે મહિનામાં બિયારણની વાવણી કરું છું. તેને શેરડીની જેમ વાવવાની રહે છે. તેની ઉપરની ડાળનું ડોકું લગભગ 3 ઈંચનું હોય છે. ગરમરના પાકને લગભગ દર ત્રીજા દિવસે પાણી આપવું પડે છે. મે મહિના બાદ શ્રાવણ મહિનામાં ફરી ડોકુ કાપીને વાવવું પડશે. ત્યાર પછી દિવાળી બાદ ત્રીજી વખત વાવણી થશે. આમ ત્રણ વાવણી બાદ ગરમરની ખેતી પૂરી થાય છે. બીજું, ગરમરના ફૂલ કાપી નાંખવા પડે છે. નહિ તો ગરમર બેસતી જ નથી."

## અથાણા માટેની મહત્તમ પેદાશ ગીર આપે છે:

ગુજરાતીઓ અથાણું ખાવાના શોખીન છે. પરંતુ શું તમે જાણો છો કે અથાણામાં જે જે ફળ કે પેદાશ વપરાય છે તેમાંથી ઘણી ખરી પેદાશ ગીરમાંથી જ આવે છે? ગીરમાં ગરમર, કેરડા, ગુંદા, દેશી કેરી, માલકાકણી, કાળકડા, ડાળા, કરમદા, બિલા, આંબણા અને કુણા વાંસ થાય છે. આ તમામમાંથી જાતજાતના અથાણા બનાવીને લોકો ખાય છે.



## ડાયાબિટીસના દર્દીઓમાં ગરમરની માંગ:

ગરમરની ખેતી માટે વર્ષના 7 મહિના સમર્પિત કરી દેવા પડે છે. તેના એક કિલોના લગભગ રૂ. 80 જેવા ભાવ મળે છે. તેનો ઉપયોગ સીધી ખાવા માટે કે અથાણા માટે થાય છે. ગ્રાહકો મોટા ભાગે 2થી 15 કિલો સુધી માલ લઈ જાય છે. ચંદુભાઈ જણાવે છે કે તેમની પાસે ગરમર મંગાવનારા મોટા ભાગના ગ્રાહકો ડાયાબિટીસના દર્દી હોય છે.

## સફેદ ગરમરનો દબદબો:

સૌરાષ્ટ્રના પટ્ટામાં સફેદ ગરમર લગભગ કોઈ વાવતું નથી. ચંદુભાઈ 20 વર્ષ પહેલા નાઘેર-પોરબંદરથી 15 કિલો સફેદ ગરમરનું બિયારણ લાવ્યા હતા. તે સમયે તેમણે બિયારણ



માટે રૂ. 2000 ચૂકવ્યા હતા. હાલ તેઓ એક

વીઘા જમીનમાં સફેદ ગરમર વાવે છે જેમાંથી તેમને 1થી 1.5 લાખ રૂપિયાની આવક થાય છે.

એવું માનવામાં આવે છે કે ગરમરની શોધ લગભગ 80 વર્ષ પહેલા આકસ્મિક રીતે થઈ હતી. જૂનાગઢના લોકોએ ગિરનારની પરિક્રમા કરતી વખતે ઔષધિ સ્વરૂપે ગરમરને શોધી કાઢી હતી. તેનો આકાર ઓક્ટોપસ જેવો હોય છે અને તે જમીનની અંદર વિકસે છે. ત્યારથી જૂનાગઢ, સોમનાથ જિલ્લામાં દરિયા કિનારે આ કંદમૂળની ખેતી થાય છે. તેનો મોટા ભાગે ઉપયોગ અથાણા અને શાક બનાવવામાં થાય છે.

## ગરમરની ખેતીમાં શું ધ્યાન રાખવું જોઈએ?

ગરમર માટે નીતાર વાળી, લાલ ગોરાડુ જમીન જોઈએ છીએ. તેની વાવણી સામાન્ય રીતે ડિસેમ્બરમાં થાય છે અને એપ્રિલ-મે મહિનામાં ઉત્પાદન થાય છે. તેનું અંગ્રેજી નામ કોલીયસ છે. જંગલ વિસ્તારમાં તેને ગલબેલના નામે પણ ઓળખવામાં આવે છે. તેની ખેતીમાં પાંચથી સાત મહિનાનો સમય લાગે છે. એક એકરે 800 કિલોથી વધુ સૂકા મૂળિયા મળે છે. એક વીઘામાં ગરમરની ખેતી માટે તમારે રૂ. 5000થી 7000નો ખર્ચ કરવો પડી શકે છે. તેની સામે પાંચ મહિનામાં રૂ. 80,000ની આવક થઈ શકે છે.

1 હેક્ટરમાં તેના 37,000 જેટલા છોડ વાવી શકાય છે. તેનું વાવેતર 60X45 સે.મીના અંતરે કરવાનું રહે છે. જમીન ઓછી ફળદ્રુપ હોય તો 60X30 સે.મીમાં વાવેતર કરવું જોઈએ. તેમાં 55,000 જેટલા છોડની જરૂર પડે છે. તેના મૂળિયા કાપીને રોપણી કરવી પડે છે. વાવેતર પછી દર અઠવાડિયે સિંચાઈની જરૂર પડે છે.

હેક્ટરદીઠ તાજા કંદ 15થી 20 ટન અને સૂકા કંદ 2000થી 2200 કિ.ગ્રા જેટલા મળે છે. કંદને સૂકવવા માટે તેને નાના ટુકડામાં કાપીને પછી 8 ટકા ભેજ રહે ત્યાં સુધી છાંયડામાં સૂકવવામાં આવે છે. ગરમર એક ઔષધી હોવાથી તેનો એક કિલોનો ભાવ રૂ. 100 જેટલો મળે છે. આખા ગુજરાતમાં તેની સારી માંગ છે. સૌરાષ્ટ્રમાંથી અમદાવાદ, વડોદરા અને સુરતમાં પણ ગરમર વેચાવા જાય છે. ઉનાળાના બે મહિના દરમિયાન તે બજારમાં વધારે દેખાય છે. બજારમાં 20 કિલો ગરમર લગભગ રૂ. 1000ના ભાવે વેચાય છે. સૌરાષ્ટ્ર ઉપરાંત સુરત જિલ્લાના મહુવાના ઉમરા ગામમાં 25 વર્ષથી ગરમરનું મબલખ ઉત્પાદન થાય છે.

## ગરમરનો ખાવામાં કેવી રીતે ઉપયોગ થાય છે?

ગરમરને હળદર અને મીઠામાં આથી દેવાય છે. આ માટે કંદની છાલ ઉતારીને, નાના ટુકડા કરીને લીંબુ-મીઠા વાળા પાણીમાં આઠથી દસ દિવસ સુધી તેને પલાળી રાખવામાં આવે છે. તેને પાણીમાં ડૂબાડૂબ રાખવાથી તે કાળી પડતી નથી. તે પછી તેને અથાણા કે શાક સ્વરૂપે ખવાય છે. ગરમરનું અથાણુ 12 મહિના ચાલે છે.

## સ્વાસ્થ્ય માટે ખૂબ જ હિતકારી છે ગરમર

» પેટને લગતી દરેક સમસ્યામાં ગરમર રામબાણ ઈલાજ છે. ગેસ-અપચો, કબજીયાત જેવી સમસ્યામાં પણ ગરમર કારગર સાબિત થાય છે.

» ગરમર ઉષ્ણ-તીક્ષ્ણ ગુણો વાયુ અને કફ તત્વનું સંતુલન જાળવવામાં મદદરૂપ છે.

» ફેફસાનો સોજો, શ્વાસનળીનો સોજો, છાતીમાં કફ જેવી બીમારીઓમાં ગરમર ખાવાથી રાહત મળે છે.

» અનેક રોગો જેવા કે થાઈરોઈડ, ગાંઠોનાં રોગો, હૃદયરોગ, કમર, ઘૂંટણ, સાંધાના દુખાવા, સાંધા જકડાવા, કોલેસ્ટ્રોલ, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, તાવ, શરદી-સળેખમ, માથા કે કાનનો દુઃખાવો, નસકોરી, હાથ-પગની આંગળીઓમાં વારંવાર ખાલી ચઢી જવી વગેરેમાં ગરમર ફાયદાકારક છે.















## રામરાજ્યની આશા સાથે ખેતી બેન્કમાં હનુમાન જયંતીની ઉત્સાહભેર ઉજવણી

આ વર્ષે ખેતી બેન્કમાં હનુમાન જયંતીની રંગે ચંગે ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદની ખેતી બેન્કની મુખ્ય કચેરીના પ્રાંગણમાં આવેલી રામ-લક્ષ્મણ-જાનકી તથા હનુમાનજીની પ્રતિમાનું ભાવભીનું પૂજન કરવામાં આવ્યું હતું. આ દિવસે ખેતીબેન્કના કર્મચારીઓ દ્વારા સમાજસેવાના કામ પણ હાથ ધરવામાં આવ્યા હતા. જુનાગઢ જિલ્લાની માંગરોળ શાખામાં બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચાના માર્ગદર્શનથી હનુમાન દાદાની આરતી કરીને બુંદી-ગાંઠિયાનો પ્રસાદ અનાથ દીકરીઓને વહેંચવામાં આવ્યો હતો. આ ઉપરાંત જરૂરિયાતમંદ બાળકોમાં પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું.







# ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લી.

KHETI BANK

0% NPA

૪૮૯, આશ્રમ રોડ, નહેરુબ્રીજ સામે,અમદાવાદ-૯.

## ''સહકારથી સમૃધ્ધિ''

## ''૭૩ વર્ષથી ખેતી બેંક ખેડુતોની સાથે''

## બેંકનો નફો રૂા. ૯૧ કરોડ

## 0% એનપીએ ધરાવતી દેશની સૌપ્રથમ ખેતી બેંક

**રાજ્યમાં નાણાંકીય વર્ષના પ્રથમ દિવસે હિસાબો રજૂ કરતી એક માત્ર બેંક**

# ખેતી બેંક

**રાજ્યની સૌથી વધુ ખેડૂત સભાસદ ધરાવતી ખેતી બેંક દ્વારા ૩૧મી માર્ચે જાહેર કરેલ રૂા.૯૧ કરોડનો ગ્રોસ પ્રોફીટ અને રૂા. ૬૫ કરોડનો અનઓડીટેડ પ્રોવીઝનલ નેટ નફો બેંકની તમામ શાખાઓએ નફો કરેલ છે.**

**બેંકની વર્ષઃ ૨૦૨૩-૨૪ની પ્રોવિઝનલ અનઓડીટેડ નાણાંકીય પરિસ્થિતિ**

(રકમ રૂા. કરોડમાં) (અન-ઓડીટેડ)

| અ.નં. | વિગત | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ |
|---|---|---|---|
| ૧ | શેરમુડી | ૪૭.૪૨ | ૫૨.૯૮ |
| ૨ | સ્વભંડોળ | ૬૧૮.૬૦ | ૬૪૯.૫૭ |
| ૩ | ધિરાણ | ૬૪૪.૧૬ | ૮૩૭.૮૯ |
| ૪ | કુલ આવક | ૧૭૮.૬૫ | ૧૭૯.૩૧ |
| ૫ | ગ્રોસ નફો | ૧૦૬.૦૦ | ૯૧.૦૦ |
| ૬ | નેટ નફો | ૫૧.૫૫ | ૬૫.૦૦ |
| ૭ | નેટ એન.પી.એ. | 0% | 0% |
| ૮ | ઓડીટ વર્ગ | ''અ'' | |

**જીવણભાઈ બી. આહીર**
વાઈસ ચેરમેન

**કે.બી. ઉપાધ્યાય**
IAS (Retd.)
મેનેજીંગ ડીરેક્ટર

**ડોલર કોટેચા**
ચેરમેન

તથા **બોર્ડ ઓફ ડીરેક્ટર્સ**